### ગટરનાં ગંધાતા પાણી અને ઉકરડાઓથી શહેરીજનો ત્રાહીમામ

# જાફરાબાદનાં સામાકાંઠાનો તલાવડી વિસ્તાર નર્કાગારની હાલતમાં

**સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં પણ પાલિકાનાં શાસકો શહેરીજનોને સ્વચ્છતાની સેવા પુરી પાડતા નથી**

**ફોટોસેશન કરાવીને સ્વચ્છતાની કામગીરી કરી હોવાનો આત્મસંતોષ માનવામાં આવી રહ્યો છે**

**શહેરીજનો પાસેથી કરવેરા ઉઘરાવવામાં ઉતાવળ કરતાં પાલિકાનાં શાસકો સુવિધા આપવામાં કરે ઠાગાઠૈયા**

**પાલિકાની આગામી મહિને સામાન્ય ચૂંટણી છતાં પણ સત્તાધારી પક્ષનાં આગેવાનોને કોઈ ચિંતા નથી**

જાફરાબાદ, તા. ૪

જાફરાબાદ પાલિકાના શાસકો દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનના ફોટા સેશન કરી ઉચ્ચ અધિકારીઓને ઉલ્ટા ચશ્મા પહેરાવી રહ્યા હોય પરંતુ વાસ્તવિકતા અલગ છે. જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તાર કે જયાં અવાર–નવાર ગટરનું પાણી રોડ ઉપર ચડતાં રાહદારીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અહીં મોટી સંખ્યામાં રાહદારીઓ વિધાર્થીઓ મહિલાઓ સિનિયર સિટીઝન તથા ટુ વ્હીલર ચાલકોની અવર–જવર રહેતી હોય અને ભીડભાડ વાળો રસ્તો હોય આ આરસીસી રોડ નવો નક્કોર બન્યો પરંતુ પાણીના નિકાલ માટેનું કોઈ પણ જાતનું મેનેજમેન્ટ કરવામાં ન આવતા અહીં ગટરના પાણી તથા વરસાદી પાણી બારેમાસ આ મેન રોડ ઉપર વગર વરસાદે પાણી ભરાયેલા રહેશે અહીં આવેલ બાજુમાં ખડકાયેલા ઉકરડાના લીધે બાજુમાં આવેલ ગટરોમાં જવાથી ડ્રેનેજનું ગંદુ પાણી રાહદારીઓના પગ નીચેથી વહી રહ્યા છે. સામાકાંઠા વિસ્તારોના નાગરિકો દરેક સ્તરે વેરા રૂપે ટેક્સ ભરવા છતાં સામાકાંઠા વિસ્તારોની જનતા સાથે થઈ રહયાની ચર્ચાઓ થઈ રહી છે. આ તલાવડી વિસ્તારમાં રોડની બાજુમાં મસ મોટો ઉકરડો ખડકાયેલો હોવાથી મચ્છર અને માખીઓ તથા જીવજંતુઓ ના લીધે રોગચાળો વકર્યો તો જવાબદારી કોની? ગંધાતા પાણી માંથી રાહદારીઓ તથા નાના ભૂલકાઓ અને વિધાર્થીઓ ચાલવા મજબુર પરંતુ પાલિકા દ્વારા આ વિસ્તારમાં ખદબદતી ગંદકી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. અહીં નજીકમાં આવેલ ખેતરમાં મસમોટો ઉકરડો ખડકાયેલો હોય તે દુર્ગંધ મારતો હોવાથી નાગરિકોના આરોગ્ય સામે ગંભીર ખતરો હોય પરંતુ નગરપાલિકા દ્વારા ગંભીરતા લેવામાં આવતી નથી અહીં ગટરના પાણી અવારનવાર રોડ ઉપર ચડતાં હોય તે પાણી અને ચોમાસા દરમિયાન ભરાતું પાણી રોડ ઉપર હોય અહીંના રહીશો દરેક સ્તરે નગરપાલિકા ને વેરો ટેક્સ ભરવા છતાં પણ સાફસફાઈ નો પણ અભાવ જોવા મળી રહ્યો છે. સામાકાંઠા વિસ્તારોમા કચરો લેવા માટેની ગાડી ઓ પણ આવતી નથી સાફસફાઈ માટે માણસો પણ મુકવામાં આવતા નથી અહીં ખદબદતી ગંદકીની સાફસફાઈ માટે પાલિકાના ધ્યાન ઉપર ક્યારે આવશે પરંતુ પાલિકા વેરો વસુલ કરવામાં વધારે રસ હોય પરંતુ કામગીરી કરવામાં નથી રસ અહીં સામાકાંઠા વિસ્તારોમા સાફસફાઈ માટે કર્મચારીઓ પણ મુકવામાં



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

આવ્યા નથી પરંતુ સાફસફાઈ વેરો ૭૨ રૂપિયા પાલિકા દ્વારા વસુલાત કરવામાં આવે છે. પરંતુ સાફસફાઈ થતી નથી અહીં ખડકાયેલા ઉકરડો પણ ઉપાડવામાં પણ નથી આવતો અને જો ઉપાડવામાં આવે તો થોડોઘણો કચરો ઉપાડી દેખાવ કરી ચાલ્યા જાય છે. પરંતુ પુરો ઉકરડો ઉપાડવામાં આવતો નથી સામાકાંઠા વિસ્તારમાં ખદબદતી ગંદકીની સાફસફાઈ ક્યારે કરવામાં આવશે ફક્ત ને ફક્ત ફોટાઓ પાડીને ઉચ્ચ અધિકારીઓ ને મોકલી દેવામાં આવે છે. અને ફેસબુક ઉપર સોશિયલ મીડિયા ઉપર ફોટાઓ મુકીને વાહવાહી મેળવી રહ્યા છે. પરંતુ ખડકાયેલા ઉકરડા ઓ ઉપાડવામાં આવતા નથી પાલિકા સામાકાંઠા વિસ્તારોના મિલકત વેરો તથા સફાઈ વેરો લેવામાં આવતો હોવા છતાં પણ સાફસફાઈનો અભાવ જોવા મળી રહ્યો છે.

### જનતાની સમસ્યાનું થયુ નિરાકરણ

# અમરેલીમાં રેશનકાર્ડ કેવાયસીની કામગીરીની ફરિયાદ ઉભી થતાં તપાસ

**જિલ્લા પૂરવઠા અધિકારીએ કેવાયસી સેન્ટરની મુલાકાત લીધી**



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં હાલ રેશનકાર્ડ કેવાયસીની કામગીરી અંતર્ગત ઉઠેલ ફરિયાદો અંગે જિલ્લા પુરવઠા અધિકારી તેમજ કેવાયસી ઈન્ચાર્જ દ્વારા કેવાયસિ સેન્ટરોની આકસ્મિક મુલાકાત લઈ અરજદારોની ફરિયાદોનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવેલ હતો.

પ્રાપ્ત વિગત મુજબ રેશનકાર્ડ કેવાયસીને લઈને અમરેલી જિલ્લામા કે વાય સી સેન્ટરો ઉપર અરજદારોની લાંબી લાઈનો લાગેલ હતી. સાથોસાથ અનેક ફરોયાદો પણ ઉઠેલ હતી. જે ફરિયાદોના પગલે અમરેલી જિલ્લા પુરવઠા અધિકારી તેમજ કે વાય સી ઈન્ચાર્જ જલ્પાબેન જોશી દ્વારા કેવાયસી સેન્ટરોની આકસ્મિક મુલાકાત લેવામાં આવેલ હતી. મુલાકાત દરમ્યાન અરજદારો તેમજ ઓપરેટરોની મુશ્કેલીઓ ધ્યાને લઈ દૂર કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તેમજ રેશનકાર્ડ ધારકોના ઘરે રૂબરૂ મુલાકાત લઈ કે વાય સી અંગે સમજ આપવામાં આવેલ હતી.

### આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેક્ટર મારફત કૃષિમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું

# અમરેલી જિલ્લામાં ખેતીપાકોને અતિવૃષ્ટિથી થયેલ નુકસાનનુ સર્વે કરવામાં ગોલમાલ થયાનો આક્ષેપ

**ખેડૂતોને અન્યાય કરનાર વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવા માંગ**

અમરેલી, તા. ૪

અમરેલીનાં જિલ્લા કલેક્ટર મારફત કૃષિમંત્રીને આમ આદમી પાર્ટીનાં જિલ્લા પ્રમુખ નિંકુજ સાવલીયા સહિતનાં આગેવાનોએ આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદન પત્રમાં જણાવેલ છે કે ચાલુ વર્ષે ખરીફ સિઝનમાં જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં વધારે પડતા વરસાદના કારણે ખેડૂતોએ ખરીફ પાકમાં મોટું નુકસાન વેઠયું છે. સરકાર દ્વારા જુલાઈ અને ઓગસ્ટના નુકસાન માટે સર્વેની જાહેરાત કરી અને પિયત વિસ્તારમાં પ્રતિ હેકટર ૨૨,૦૦૦, બિનપિયત વિસ્તારમાં પ્રતિ હેકટરે ૧૧,૦૦૦ રૂપિયા બે હેકટરની મર્યાદામાં આપવાની જાહેરાત કરી...!

સર્વેમાં જે ટીમ ગઈ હતી એ ટીમોંએ આખી સર્વેની પ્રક્રિયાને ઠેબે ચડાવી! દરેક ખેતરે પોતાની કમિટીના સભ્ય તરીકે સરપંચ અને તલાટીને સાથે રાખી નુકસાનીનું પંચરોજ કામ કરવાને બદલે માત્ર ઓફિસમાં બેસી, કયાંક કયાંક તો ગામના કોઈક આગેવાનને માત્ર ફોનથી પૂછીને નુકસાનીના આંકડા લખ્યા જેના



કારણે અમરેલી જિલ્લાને સહાયથી બાકાત રાખ્યો. ખેડૂતોને મળવા પાત્ર જે રકમ હતી એ મળી નહિ ઉપરથી ખેડૂતો પાસે સંપૂર્ણ વિગતો સાથે ફોર્મ ભરાવવા જેવા નાટક કરાવ્યા જયારે સહાયની રકમ આપવાની વાત થઈ ત્યારે ખબર પડી કે ખેડૂતો સાથે છેતરતરપિંડી થઈ છે. સર્વેમાં ગયેલી ટીમ દ્વારા ખોટા આંકડાઓ લખવામાં આવ્યા છે. અમુક ગામડાં આખેઆખાં સહાય અને સર્વેથી જ બાકાત રહી ગયા, જયારે ખેડૂતોને બાકાત રાખવામાં આવ્યા. જો, જેને સહાય મળી રહી છે તે ખેડૂતોને નુકસાનીનું ક્ષેત્રફળ ઘટાડી ઓછી સહાય મળે એ માટેનું ષડયંત્ર ઘડવામાં આવ્યુંહોય તેવું લાગે છે.!

સર્વેના આ આખા તરકટની એક તટસ્થ એજન્સીને સંપૂર્ણ તપાસ સોંપવામાં આવે. સર્વે ટીમ દ્વારા એક પણ ગામમાં સમજણપૂર્વક સરપંચને સાથે રાખી સર્વે કરવામાં આવ્યો નથી.

મોટાભાગના સરપંચોને માત્ર 'સર્વે કરવા આવ્યા હતા, એક સહી કરી આપો' એટલું કહીને સહી લઈ લેવામાં આવી છે. અમુક સરપંચોને આજ પણ ખબર નથી કે પોતે સર્વે કમિટીના સભ્ય છે.! ગ્રામ સેવકો, વિસ્તરણ અધિકારીઓ તથા નાના મોટા અધિકારીઓ દ્વારા સર્વેમાં ગોટાળો કરી ગુજરાત સરકારની આજ્ઞાનો અનાદર કર્યો છે. જેઓએ ખેડૂતો સાથે પણ છેતરપિંડી કરી છે તે તમામ અધિકારીઓ વિરૂદ્ધ સખત કાર્યવાહી કરવામાં આવે અને અમરેલી જિલ્લાના ખેડૂતો અધિકારીઓની નિષ્કાળજીને કારણે સહાયથી વંચિત રહ્યા છે એ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સહાય મળી રહે એવી તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે..!

જો ખરેખર સરકાર ખેડૂતોને સહાય કરવા બાબતે સંવેદનશીલ હશે અને ઉપરથી કોઈ મૌખિક હુકમો આપવામાં નહિ આવ્યા હોય તો આશા છે કે સરકારના હુકમ અને માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરનાર અધિકારીઓ, કર્મચારીઓ સામે તાત્કાલિક ખાતાકીય તપાસ અને ફોજદારી કાર્યવાહી શરૂ કરી દાખલો બેસાડવામાં.

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા મનહર પટેલે નવી જંત્રીનો કર્યો વિરોધ

# ઉંચી જંત્રીની ભલામણ રાજયનાં વિકાસને અવરોધનારી અને આમ નાગરિકની આર્થિક કમરતોડી નાખનારી બનશે

**નવી જંત્રીની અમલવારી થશે તો મોંઘવારી પણ બેકાબુ બનશે**

અમદાવાદ, તા. ૪

સુચિત ઉંચી જંત્રીની ભલામણ સુચવતી રાજય સરકાર ખુદ સરકારી પરિપત્રનુ ઉલંઘન કરી રહીછે, ઉંચીજંત્રીની ભલામણ રાજયના વિકાસને અવરોધનારી અને આમ નાગરિકની આર્થિક રીતે કમર તોડનારી બની રહેશે, માટે સદરહુ સુચિત જંત્રીનો કોંગ્રેસ સખત વિરોધ કરે છે.

૨૦૧૧ ના જંત્રી વધારાના પરિપત્ર મૂજબ વાર્ષિક ૮% વધારો સુચવેલ છે, તે મુજબ દર વર્ષે ૮% મુજબ વધારો કરેલ નહી અને ૧૩ વર્ષ બાદ સીધો ૨૦૦૦ % સુધી જંત્રી વધારો કરવાની ભલામણ એ ક્યા પ્રકારનો વહીવટ છે? રાજય સરકાર જંત્રીના પરિપત્ર મુજબ વર્ષે ના ૮% વધારા મુજબ ૧૩ વર્ષની ૧૦૪ % જંત્રી વધારો કરવા સરકાર વિચારી શકે છે. એક સાથે ૨૦૦૦% સુધીનો જંત્રી વધારો સુચવવો એ ગુજરાતના વિકાસને અવરોધનારો નિર્ણય છે.

રાજય સરકાર સ્વસ્થ બને જંત્રી એ સ્ટેમ્પ ડયુટી છે ટેક્સ નથી, ડ્યુટી અને ટેક્ષમા તફાવત છે, ટેક્ષ સરકાર માટે સરકાર ચલાવવાનુ સાધન છે પરંતુ ડ્યુટીને આવકનુ સાધન ન બનાવો, ડ્યુટી એ જનતાની સંપતિના કાગળો અને રેકર્ડના રખ રખાવ ખર્ચ માટેનુ ભંડોળ હોય છે. અને સ્ટેમ્પ ડયૂટી ગૂજરાત સરકારની આવક છે, લોંગ ટર્મ ટેક્સ ભારત સરકારની આવક છે, આમ જયારે સરકાર સરકારી જમીન તેના માનીતાઓને ભેટ દેવી હોય ત્યારે જંત્રીના ભાવને અવગણી કલેકટર કે ઉચ્ચ અધિકારીઓની સમિતી–કમિટી સગઠન કરી, રાજયની જનતાના વિશાળ લાભોને કાગળ ઉપર ઉતારીને પાણીના ભાવે સમર્પણ કરવામા આવે છે. અને આવી કરોડો ચો.મીટર જમીનો સરકારી રેકર્ડમાથી ઓછી થઈ છે.

આમ રાજય સરકારે સુચવેલ નવી જંત્રી મંદીને આમંત્રણ આપનારી, રાજયના ધંધા રોજગાર બંધ કરનારી અને મોંઘવારી વધારનારી સાબિત થશે તેમ અંતમાં જણાવેલ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં વોર્ડ નંબર–૩માં આજે વયવંદના કાર્ડ અને ઈ–કેવાયસીનો કેમ્પ

**બ્રહ્મેશ્વર મંદિર ખાતે યોજાશે કેમ્પ**

અમરેલી, તા. ૪

અમરેલીનાં વોર્ડ નં.–૩માં આવતિકાલ ગુરૂવારે નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં વયવંદના કાર્ડ અને રેશનકાર્ડ ધારકો માટે કેમ્પનું આયોજન બ્રહ્મમેશ્વર મંદિર ખાતે કરવામાં આવેલ છે

બ્રહ્મેશ્વર સોસાયટીમાં આવેલ મંદિરે સવારે ૧૦થી ૨ અને ૨.૩૦ થી ૫.૩૦ સુધી યોજાનારા કેમ્પને સફળ બનાવવા સ્થાનીક નગરસેવકો ભારે જહેમત ઠાવી રહયા છે.

### સ્વ. હાર્મીશ ગજેરાની હત્યાનાં આરોપીને સજા આપવાની માંગ

# રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવાયુ

**કૂર્મી સેનાનાં યુવાનો મોટી સંખ્યામાં જોડાયા**

અમરેલી, તા. ૪

આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા અપાયેલા આવેદનમાં રાજકોટ શહેરમાં કથળી રહેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતે પણ સીપીનું ખાસ ધ્યાન દોરવામાં આવ્યું હતું અને ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો સામે ગુનાખોરી રોકવાના વિવિધ કાયદાઓ તળે કામગીરી ચલાવવા રજૂઆત કરવામાં આવી હતી. શહેરમાં પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે તથા છરી, ચપ્પુ જેવા ધારદાર હથિયારો લઈને ફરતા અસામાજિક તત્વોને ખાસ ઝુંબેશ ચલાવી ઝડપી પાડવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી.



સ્વ. હાર્મીશ ગજેરાની હત્યાના આરોપીને સખત સજા થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા મજબૂત ચાર્જસીટ મૂકવામાં આવે તથા ફાસ્ટ ટ્રેક કોર્ટમાં આ કેસ ચલાવવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી.

સીપી કચેરી ખાતે પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્વારા આ બાબતે યોગ્ય અને ન્યાયિક કામગીરીની ખાતરી આપવામાં આવી હતી અને તેઓએ જણાવ્યું હતું કે આગામી સમયમાં રાજકોટ શહેરમાં પોલીસ પેટ્રોલીંગ વધુ સઘન બનાવવામાં આવશે. સીપી કચેરી ખાતે આવેદન આપવા માટે આંતરરાષ્ટ્રીય કૂર્મી સેનાનાં હોદેદારો તથા સ્વ. હાર્મિશ ગજેરાનાં પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રદેશ કોંગ્રેસની સુચનાથી જિલ્લા પ્રમુખ દ્વારા

# અમરેલી પાલિકાના વિપક્ષી નેતા પદે સેજલબેન સોલંકીને જવાબદારી સોંપાઈ

**પાલિકાનાં શાસકોની કામગીરી પર નજર રાખશે**

અમરેલી, તા. ૪

અમરેલી પાલિકાનાં વિપક્ષી નેતા પદે કોંગી નગર સેવિકા સેજલબેન સોલંકીની નિમણુંક કરવામાં આવી છે.

પ્રદેશ કોંગ્રેસની સુચનાથી જિલ્લા પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા પુર્વ પ્રમુખ ડી. કે. રૈયાણી મારફત સેંજલબેન સોલંકીને નિમણુંક પત્ર એનાયત કરવામાં આવેલ.



### અબોલ પશુ–પક્ષીઓ માટે પાણીનો અવેડો બનાવ્યો

# દામનગરથી ૭ કી.મી. દૂર આવેલ કૈલાસ ટેકરી આશ્રમમાં સદકાર્ય

**મહંત શ્રી દાસબાપુ દ્વારા સેવાકાર્ય**



દામનગર, તા. ૪

દામનગરથી ૭ કી.મી. નજીક આવેલ કૈલાસ ટેકરી આશ્રમ ધામેલ (પૂ.સંત વિક્રમબાપુની તપોભૂમિ)નાં મહંત દાસબાપુએ આ આશ્રમથી ૫૦૦ ફૂટ દૂર કે જયાં જંગલ વિસ્તાર આવેલ છે, ત્યાં જંગલી પ્રાણીઓ ગૌમાતા પશુ પક્ષીઓ માટે તેઓની તરસ છીપાવવા માટે એક અવેડો બનાવી સદકાર્ય કરીને એક સંત તરીકે પુણ્યનું ભાથું બાંધેલ છે.

## શહેરનાં ક્રીમ વિસ્તાર માણેકપરામાં આખલા વચ્ચે ઘમાસાણ યુધ્ધ ખેલાયું

# અમરેલીમાં યુધ્ધે ચડેલ આખલાઓથી ફફડાટ ફેલાયો

**જાહેર માર્ગ ઉપર યુધ્ધે ચડેલ આખલાએ પાર્ક થયેલ એક કારને પણ નુકસાન કર્યુ**

**શહેરીજનો રખડતા પશુઓની સમસ્યાથી ત્રાહીમામ છતાં પણ પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી**

**થોડા દિવસો પહેલા રખડતા ૩૫ પશુઓને ડબ્બે પુરવામાં આવ્યા બાદ કામગીરી શુન્ય**

**પાલિકાનાં શાસકો અંદરો અંદરની લડાઈમાં વ્યસ્ત હોવાથી શહેરીજનોને ભૂલી જવાયા**



અમરેલી, તા. ૪

અમરેલી શહેરમાં અનેક કદાવર નેતાઓ હોવા છતાં શહેરમાં રખડતા પશુઓની સમસ્યાનું નિરાકરણ કરવામાં તેઓ સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. શહેરમાં અવારનવાર આખલા યુધ્ધ થતું હોય જેમાં વાહનોને નુકસાન પહોંચી રહ્યું છે તો શહેરીજનોનો જીવ તાળવે ચોટી જતો હોવા છતાં પાલિકાનાં શાસકો અંદરો અંદરની લડાઈ છોડીને શહેરીજનોની વ્યથા અને પરેશાનીને દૂર કરતા નથી.

અમરેલી પાલિકાનાં શાસકોએ હાઈકોર્ટની ફટકાર બાદ રખડતા પશુઓને ડબ્બે પુરવાનો કોન્ટ્રાકટ ખાનગી એજન્સીને આપી દીધેલ હોય થોડા દિવસો પહેલા ૩૫ જેટલા રખડતા પશુઓને ડબ્બે પુરવામાં આવ્યા બાદ કામગીરી ધીમી પડી છે.

એક અંદાજ મુજબ શહેરમાં ૨૫૦૦ જેટલા રખડતા પશુઓ જોવા મળે છે. પાલિકાનાં શાસકો જો ધારે તો એક મહિનામાં રખડતા પશુઓની સમસ્યાનું નિરાકરણ થઈ શકે તેમ છે. પરંતુ ઈચ્છાશકિતના અભાવનાં કારણે જનતાનાં હિતનું કાર્ય થતું નથી.

---

### આધુનિક કૃષિ પધ્ધતી તેમજ ટેકનોલોજી વિશે માર્ગદર્શન મળે તે માટે

## અમરેલી જિલ્લામાં આવતીકાલથી બે દિવસ સુધી રવિ કૃષિ મહોત્સવ યોજાશે

**વધુમાં વધુ ખેડૂતો અને પશુપાલકોને લાભ લેવા અનુરોધ**

અમરેલી, તા. ૪

રાજયના ખેડુતોને આધુનિક કૃષિ પદ્ધતિ તેમજ ટેકનોલોજી વિશે માર્ગદર્શન મળી રહે તેવા ઉદેશ્ય સાથે ગુજરાત સરકાર દ્વારા રવી કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

ડિસેમ્બર ૨૪ની તા.૬ અને તા.૭ દરમિયાન, અમરેલીના ચાડીયા, બાબરા કમળશી હાઈસ્કુલ કમ કોલેજ, બગસરા સ્વામિનારાયણ મુખ્ય મંદિર કુંકાવાવરોડ, ધારી મુછાળા કોલેજ, સરસીયા રોડ, જાફરાબાદ કામધેનુ ગૌશાળા પાછળ નું ગ્રાઉન્ડ, ખાંભા મહેતા હાઈસ્કુલ, લાઠી એપીએમસી (માર્કેટ યાર્ડ), લીલીયા ભાભા માર્કેટ યાર્ડ, રાજુલા ગૃહ કુટિર ઉદ્યોગ ગ્રાઉન્ડ, તાલુકા પંચાયત સામે, સાવરકુંડલા માર્કેટયાર્ડ(નવાયાર્ડ) શેડ નં.૪, મહુવારોડ અને કુંકાવાવ વડીયા મોટી કુંકાવાવ આઈટીઆઈ, બગસરા રોડ ખાતે રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિકો, ખેડુતોને તાંત્રિકતા અંગે સીધું જ માર્ગદર્શન અને ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ આપશે. કાર્યક્રમના બંને દિવસે પશુ આરોગ્ય મેળા, કૃષિ પ્રદર્શની, પ્રાકૃતિક ખેતી મોડલ ફાર્મની મુલાકાત કરવામાં આવશે. કાર્યક્રમમાં સાંસદ, નાયબ મુખ્ય દંડક, ધારાસભ્યઓ, પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ કૃષિકારો માટે અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાં તા.૦૬ થી તા.૦૭ ડિસેમ્બર, ૨૪ને શુક્ર શનિવાર સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન યોજાનાર આ બે દિવસીય રવી કૃષિ મહોત્સવ ૨૦૨૪માં વધુમાં વધુ ખેડુતો અને પશુપાલકોને ભાગ લેવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## ખેડૂતોને સોલાર પાવર યુનિટ કીટ ખરીદી માટે સહાય

અમરેલી, તા. ૪

ખેતીવાડી ખાતાની સોલાર પાવર યુનિટ/કીટ ખરીદીમાં સહાય યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ www.ikhedut.gujarat.gov.in પોર્ટલ પર અરજી કરવા માટે તા. ૫ ડિસેમ્બર ૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મૂકવામાં આવશે.

સોલાર પાવર યુનિટ/કીટ ખરીદીમાં સહાય યોજના હેઠળ સોલાર પાવર યુનિટ/કીટ માટે ઓનલાઈન અરજી કરતી વખતે ખેડૂતોએ સાધન ખરીદીનું બીલની વિગતો, આધાર કાર્ડ, મોબાઈલ નંબર, જમીનના ખાતા નંબર, જાતિ, સ્ત્રી પુરૂષ, વગેરે જેવી વિગતો સાચી અને સચોટ નાખવાની રહેશે. અધૂરી કે ખોટી વિગતો વાળી અરજી માન્ય રહેશે નહિ.

ખેતીવાડીની યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તેવા ખેડૂતોને ઓનલાઈન અરજી કરવા અનુરોધ કરવામાં આવે છે. વધુ જાણકારી માટે સંબંધિત તાલુકાના અથવા ગામના વિસ્તરણ અધિકારી અથવા ગ્રામ સેવકનો સંપર્ક કરવાનો રહેશે, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## રાજકોટ ખાતે ડો. અમી પાંધી દ્વારા વિદ્યાર્થીનીઓને હઠીલા દર્દોની સમજ આપવામાં આવી

સાવરકુંડલા, તા. ૪

રાજકોટના મોટી ટાંકી ચોક વિસ્તારમાં આવેલી રાજકોટ કેળવણી મંડળ સંચાલિત કોટક સ્કુલમાં રાજકોટના હોમિયોપેથિક ડો. અમી પાંધીનો હોમિયોપેથી સારવાર વિશે સવિસ્તાર માહિતી આપતો સેમિનાર તા. ૩૦/૧૧/૨૪ ને શનિવારના રોજ સ્કૂલના સભાગૃહમાં યોજાયેલ. આ સેમિનારમાં રાજકોટના હોમિયોપેથિક ડો. અમી પાંધીએ પ્રોજેકટર દ્વારા સચિત્ર હોમિયોપેથિક સારવારની શોધ થઈ ત્યારથી અત્યાર સુધીમાં તેના દ્વારા જુના, હઠીલા રોગોમાં દર્દીઓને કાયમી ધોરણે પીડામાંથી મુકિ આપવા સુધીની હોમિયોપેથી સારવાર પદ્ધતિ વિશે સવિસ્તાર માહિતી આપી હતી આ સેમિનાર દરમિયાન કોટક સ્કુલની વિદ્યાર્થીનીઓએ પણ જુના, હઠીલા રોગો વિશે વાર્તાલાપ દ્વારા માહિતી મેળવી હતી આ સેમિનાર દરમિયાન કોટક સ્કુલના ટ્રસ્ટી માનનીય મુરબ્બી વીણાબેન પાંધી અને પ્રિન્સિપાલ માલા મેડમ દ્વારા વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતાં જોવા મળે છે.

અને એના ફળસ્વરૂપ જ તેમનો આ સેમિનાર સંદર્ભે અનન્ય સહકાર પ્રાપ્ત થયો હતો. ડો. અમી પાંધી તેમના હરિહર ચોક ખાતે સ્ટાર ચેમ્બરમાં આવેલા અમી'સ્ હોમીયોપેથી કિલનિક ઉપર મો.નં.૭૮૭ ૪૪૪૧૬૧ ઉપર અપોઈમેન્ટ લઈ



મળી શકે છે.

ડો. અમી પાંધીનો વિગતે પરિચય આપીએ તો તેણી મૂળ સાવરકુંડલાના અકિલા સાંધ્ય દૈનિકના પત્રકાર અને અખબારી એજન્ટ દીપકભાઈ પાંધીની સુપુત્રી છે. તેણી બાળપણથી ખૂબ અભ્યાસુ અને જિજ્ઞાસુ હોય તેણીની અભ્યાસ કારકિર્દી દરમિયાન પણ ખૂબ સંશોધક સ્વભાવ ધરાવે છે. વિશેષમાં વાત કરીએ તો સાવરકુંડલા શહેરમાં આવેલ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત અહીની હોમિયોપેથી હોસ્પિટલમાં અનેક દર્દીઓના હઠીલા દર્દોની સફળ સારવાર કરી હાલ રાજકોટ ખાતે પોતાનું હોમિયોપેથી કલીનીક ખાતે તેમજ ઓનલાઈન પણ અનેક હઠીલા દર્દીઓને માર્ગદર્શન અને સારવાર આપી સ્વસ્થ કરતાં જોવા મળે છે.

---

### સમસ્ત રાજવી બસિયા પરિવાર દ્વારા

## ગોંડલ તાલુકાના ધુડશિયા ખાતે આયોજિત શ્રીમદ્ દેવિભાગવત્ કથામાં મોટી સંખ્યામાં કથાનો લાભ લેતા ભાવિકો

**ચલાલાના દાનેવ ધામના મહંત પૂજ્ય વલકુબાપુએ ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવ્યા**

બાબરા, તા. ૪

ગોંડલ તાલુકાના ધૂડશિયા સમસ્ત રાજવી બસીયા પરિવાર દ્વારા કુળદેવી ચામુંડા માતાજીના સાનિધ્યમાં આયોજિત શ્રીમદ્ દેવિભાગવત કથામાં દરોજ મોટી સંખ્યામાં ભાવિકો કથા શ્રવણ અને મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવી રહ્યા છે.

ત્યારે આજે કથાના ત્રીજા દિવસે ચલાલા ખાતે આવેલ દાનેવ ધામ મંદિરના મહંત વલકું બાપુ ઉપસ્થિત રહ્યા હતા અને કથાનું રસપાન કરી બસિયા પરિવાર દ્વારા ભગીરથ આયોજન કરવા બદલ શુભેચ્છા સહ આશિર્વાદ આપ્યા હતા.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા
























### રાષ્ટ્રપતિએ આદેશ પાછો ખેંચ્યો

# દક્ષિણ કોરિયામાં માર્શલ લો સામે વિરોધ, લોકો રસ્તા પર ઉતર્યા

**મતદાન દરમિયાન, ૩૦૦ માંથી ૧૯૦ સાંસદોએ સર્વસંમતિથી માર્શલ લો સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો, માર્શલ લોની ઘોષણા બાદ લોકો રસ્તા પર આવી ગયા હતા**

સિયોલ, તા.૪

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સુક-યોલે મંગળવારે મોડી રાત્રે દેશમાં લાદવામાં આવેલા માર્શલ લોને ખતમ કરવાની જાહેરાત કરી છે. સંસદમાં ભારે વિરોધ અને મતદાન બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મતદાન દરમિયાન, ૩૦૦ માંથી ૧૯૦ સાંસદોએ સર્વસંમતિથી માર્શલ લો સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. માર્શલ લૉની ઘોષણા બાદ લોકો રસ્તા પર આવી ગયા હતા. સિયોલની ગલીઓમાં સેનાની ટેન્કો ફરતી જોવા મળી હતી. બગડતા સંજોગો અને સતત વિરોધને કારણે રાષ્ટ્રપતિએ પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો હતો.જ્યારથી દેશમાં માર્શલ લૉ લાગુ કરવામાં આવ્યો છે ત્યારથી સત્તાધારી અને વિપક્ષો તેની સામે આવ્યા છે. શાસક પક્ષના ઘણા નેતાઓએ પણ તેને અલોકતાંત્રિક અને ગેરબંધારણીય ગણાવ્યું હતું. તે જ સમયે, રાષ્ટ્રપતિની પોતાની પાર્ટીના નેતા હાન ડોંગ-હૂને પણ આ નિર્ણયની ખુલ્લેઆમ ટીકા કરી હતી અને સંસદમાં મતદાનમાં પણ ભાગ લીધો હતો.આ દરમિયાન રાષ્ટ્રપતિ યુન સુક-યોલના માર્શલ લોના નિર્ણય બાદ દેશભરમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા હતા. લોકશાહી વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાની માંગ સાથે હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. જોકે, પોતાના પગલાની સ્પષ્ટતા કરતા રાષ્ટ્રપતિ યૂને કહ્યું કે આ નિર્ણય રાષ્ટ્ર વિરોધી શક્તિઓને કચડી નાખવા માટે લેવામાં આવ્યો છે.દક્ષિણ કોરિયામાં લગભગ પાંચ દાયકા પછી માર્શલ લો લાગુ કરવામાં આવ્યો હતો. છેલ્લી વખત આવું ૧૯૮૦માં થયું હતું. અહીં એ સમજવું જરૂરી છે કે દક્ષિણ કોરિયા એશિયાની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાંની એક છે. તે અમેરિકાનો મુખ્ય સહયોગી દેશ છે. અહીં ચાર દાયકા કરતાં વધુ સમયથી લોકશાહી છે. આવી સ્થિતિમાં માર્શલ લૉ લાગુ કરવાના પગલાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા પેદા કરી હતી.

### દિલ્હી-ગાઝીપુર બોર્ડર પર ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું

# રાહુલ અને પ્રિયંકા ગાંધીની સંભલમાં નો એન્ટ્રી, ગાઝીપુર બોર્ડર પર કાફલાને રોકવામાં આવ્યો

**ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું અને તેમને સંભલમાં પ્રવેશતા અટકાવવા માટે બેરિકેડ લગાવવામાં આવ્યા હતા**

ઉત્તરપ્રદેશ,તા.૪

કોંગ્રેસ નેતા રાહુલ અને પ્રિયંકા ગાંધી આજે બુધવારે હિંસાગ્રસ્ત સંભલમાં પીડિત પરિવારોને મળવા જઈ રહ્યા હતા, આ દરમિયાન દિલ્હી-ગાઝીપુર બોર્ડર પર તેમના કાફલાને પોલીસ પ્રશાસન દ્વારા રોકવામાં આવ્યો હતો.

પોલીસે તેમને સંભલ જવા દીધા ન હતા. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસના અન્ય પાંચ સાંસદો સવારે ગાઝીપુર બોર્ડર પર પહોંચ્યા, જ્યાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું અને તેમને સંભલમાં પ્રવેશતા અટકાવવા માટે બેરિકેડ લગાવવામાં આવ્યા હતા.

રાહુલ ગાંધીની મુલાકાતને કારણે સંભલમાં ચુસ્ત બંદોબસ્ત છે અને જિલ્લાની સરહદો પર તપાસ કરવામાં આવી રહી છે. સંભલ જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેન્સિયાએ મંગળવારે ગૌતમ બુદ્ધ નગર અને ગાઝિયાબાદના પોલીસ કમિશ્નરો અને અમરોહા તથા બુલંદશહર જિલ્લાના પોલીસ અધિક્ષકોને પત્ર લખ્યો હતો, જેમાં તેમને આગ્રહ કરવામાં આવ્યો હતો કે તેઓ સંભલની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને રાહુલ ગાંધીને તેમના જિલ્લાઓની સરહદો પર રોકે.

સંભલના પોલીસ અધિક્ષક કૃષ્ણ કુમારે બુધવારે પત્રકારોને જણાવ્યું હતું કે, "તમામ જનપ્રતિનિધિઓને ૧૦ ડિસેમ્બર સુધી જિલ્લામાં ન આવવા વિનંતી કરવામાં આવે છે. આ માટે તેમને એક સંદેશ પણ મોકલવામાં આવ્યો છે અને તેમને સંભલ જિલ્લામાં BNSS ૧૬૩ના અમલીકરણ વિશે પણ જાણ કરવામાં આવી છે. હું આશા રાખું છું કે તેઓ સંભલમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં અમને સહકાર આપશે."

શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ (પ્રોહિબિટરી ઓર્ડર) સંભલમાં ૩૧ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. આ સાથે, સંભલમાં બહારના લોકોના પ્રવેશ પરનો પ્રતિબંધ શનિવારે સમાપ્ત થઈ રહ્યો છે, જિલ્લા મેજિસ્ટ્રેટે તેને ૧૦ ડિસેમ્બર સુધી લંબાવી દીધો છે. ગયા અઠવાડિયે, સમાજવાદી પાર્ટી (SP)ના ઘણા સાંસદોને જિલ્લામાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા

### દેશમાં ડિજિટલ અરેસ્ટ સહિત સાયબર ગુનાઓનું પ્રમાણ વધ્યુ

# ડિજિટલ ફ્રોડ-સાઈબર ક્રાઈમમાં વપરાતાં ૫૯૦૦૦ વોટ્સએપ એકાઉન્ટ,૬.૭૦ લાખ સીમ કાર્ડ બ્લોક કરાયા

**દેશના નાગરિકોને સાયબર ગૂનાનો શિકાર બનાવવા માટે વિદેશમાંથી આવતા કોલ્સ જાણે ભારતમાંથી આવતા હોય તેવું દર્શાવાતું હોય છે**

નવી દિલ્હી, તા.૪

દેશમાં ડિજિટલ અરેસ્ટ સહિત સાયબર ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર સાયબર ગુનેગારો સામે આકરાં પગલાં લઈ રહી છે. સરકારે કહ્યું કે, ગૃહમંત્રાલયના એકમ ઈન્ડિયન સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર (૧૪સી)એ દેશના નાગરિકો સાથે ડિજિટલ છેતરપિંડીમાં વપરાયેલા ૫૯૦૦૦થી વધુ વોટ્સએપ એકાઉન્ટ્સ અને ૧૭૦૦થી વધુ સ્કાયપે આઈડી બ્લોક કરી દીધા છે.ગૃહ મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી બંદી સંજયકુમારે જણાવ્યું હતું કે, ગૃહમંત્રાલયના એકમ ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન (૧૪સી)એ વર્ષ ૨૦૨૧માં સિટિઝન ફાઈનાન્સિયલ સાયબર ળોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ લોન્ચ કરી હતી, જે સાયબર છેતરપિંડી કરનારાઓ દ્વારા નાણાંની ઊચાપતને રોકવા માટે નાણાકીય છેતરપિંડીના તાત્કાલિક રિપોર્ટિંગની સુવિધા પૂરી પાડે છે. આ સિસ્ટમની મદદથી ૯.૯૪ લાખથી વધુ ફરિયાદોમાં અંદાજે રૂ. ૩૪૩૧ કરોડથી વધુના ભંડોળની ઊચાપત અટકાવી શકાઈ છે.કુમારે કહ્યું કે, દેશમાં ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં પોલીસ દ્વારા રિપોર્ટ કરાયેલા ૬.૬૯ લાખથી વધુ સીમ કાર્ડ્સ અને ૧.૩૨ લાખ આઈએમઈઆઈ સરકારે બ્લોક કર્યા છે. ડિજિટલ છેતરપિંડી સહિતના સાયબર ગૂનાઓ રોકવા માટે કેન્દ્ર સરકાર અને ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સે એવી સિસ્ટમ વિકસાવી છે, જે મોબાઈલ વપરાશકારોને થતા બનાવટી આંતરરાષ્ટ્રીય કોલ્સને ઓળખી કાઢે છે. દેશના નાગરિકોને સાયબર ગૂનાનો શિકાર બનાવવા માટે વિદેશમાંથી આવતા કોલ્સ જાણે ભારતમાંથી આવતા હોય તેવું દર્શાવાતું હોય છે. સાયબર ગુનેગારો દ્વારા નકલી ડિજિટલ ધરપકડ, ફેડએક્સ કૌભાંડો માટે

આ પ્રકારના બનાવટી કોલ્સનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.તેમણે ઉમેર્યુ કે, નકલી આંતરરાષ્ટ્રીય કોલ્સને બ્લોક કરવા માટે ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સને નિર્દેશો અપાયા છે. વધારામાં ૧૪સીમાં અત્યાધુનિક સાયબર ફ્રોડ મિટિગેશન સેન્ટરની પણ સ્થાપના કરાઈ છે,

જ્યાં મોટી બેન્કો, નાણાકીય સંસ્થાઓ, પેમેન્ટ એગ્રેગેટર્સ, ટીએસપી, આઈટી ઈન્ટરમીડિયરીસ અને રાજ્ય તથા કેન્દ્રની કાયદાકીય એજન્સીઓના પ્રતિનિધિઓ સાયબર ગુનામાં તાત્કાલિક કાર્યવાહી અને અવરોધ રહિત સહકારની ખાતરી કરે છે. ૧૪સી દ્વારા બેન્કો અને નાણાકીય સંસ્થાઓના સહયોગથી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાયબર ગૂનેગારોને ઓળખી કાઢવા માટે શંકાસ્પદ રજિસ્ટ્રી લોન્ચ કરાઈ છે.

### ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં મોટી અપડેટ

# ડો. સંજય પટોળાયાની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી

**આરોપી ડો. સંજય પટોળીયાએ પોલીસ ધરપકડથી બચવા માટે ત્રણ કેસોમાં આગોતરા જામીન માટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં અરજી કરી હતી**

અમદાવાદ, તા.૪

અમદાવાદઃ ખ્યાતિ હોસ્પિટલ કાંડ મામલે મોટી અપડેટ આવી રહ્યું છે. ડો. સંજય મૂળજીભાઈ પટોળિયાની ધરપકડ કરી લેવામાં આવી છે. આ કાંડમાં અત્યાર સુધીમાં કુલ સાત આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. નોંધનીય છે કે, ખ્યાતિ હોસ્પિટલકાંડ મુદ્દે ધરપકડથી બચવા માટે આરોપી ડો. સંજય મૂળજીભાઈ પટોળીયાએ આગોતરા જામીન મેળવવા માટે અરજી કરી હતી. જેમાં ગ્રામ્ય કોર્ટના પ્રિન્સિપાલ સેશન્સ જજ કે.એમ. સોજીત્રાએ ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યું હતું કે, આરોપીઓ સામે ગંભીર પ્રકારનો કેસ છે, જેની તપાસ ચાલી રહી છે, સરકાર પાસેથી પૈસા મેળવવાનું સુઆયોજીત કાવતરું છે ત્યારે આરોપીને જામીન પર મુક્ત કરી શકાય નહીં. આ કેસમાં હજી બે આરોપીઓ ફરાર છે.આરોપી ડો. સંજય પટોળીયાએ પોલીસ ધરપકડથી બચવા માટે ત્રણ કેસોમાં આગોતરા જામીન માટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, હું નિર્દોષ છું, મારે આ કેસ સાથે કોઈ જ લેવા દેવા નથી, મને ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યો છે, ક્યાંય નાસી કે ભાગી જાઉં તેમ નથી, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છું તેથી જામીન પર મુક્ત કરવો જોઈએ. જોકે, અરજીની સામે ખાસ સરકારી વકીલ વિજય બારોટે એવી દલીલ કરી હતી કે, આરોપીઓએ પીએમજેએવાય યોજનાનો ખોટી રીતે આર્થિક લાભ લેવા માટે પૂર્વ આયોજીત કાવતરું રચ્યું હતું.આરોપીઓએ બોરીસણા ગામમાં કેમ્પ યોજી ૧૯ લોકોને હોસ્પિટલ લાવ્યા હતા અને બે વ્યક્તિને જરૂર ન હોવા છતા સ્ટેન્ટ મુકી દેતા મોત નિપજ્યું હતું. આમ આરોપીની ગુનાઈત બેદરકારી છે, ડો.સંજય ખ્યાતિ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલના ડાયરેક્ટર છે. હોસ્પિટલના તમામ લાઈસન્સ ડો. સંજયે મેળવ્યા છે. આરોપીઓ દર્દીઓને બીમારી ન હોવા છતા ખોટા પુરાવા ઉભા કરી તેમના જીવન સાથે ચેડા કર્યા છે, આરોપીઓ સામે ૪૨ સાક્ષીઓના નિવેદન છે, આરોપી ડો. સંજયે વર્ષ ૨૦૧૨ ભાગીદારી નામી ડેવલપર્સ પ્રા.લી. કંપની ખરીદી હતી. ત્યારબાદ તેમાં નામ ઉમેરવામાં આવ્યા હતા, પછી ડો. સંજયે હેતુ ફેર કરાવ્યો હતો અને ફર્મનું નામ બદલી એશીયન બેરીયાટ્રીક્સ હોસ્પિટલ રાખવામાં આવ્યું હતુ અને વર્ષ ૨૦૧૮માં મનીષ ખૈતાનને ભાગીદારીમાંથી છુટ્ટા કરવામાં આવ્યો હતો અને ભાગીદાર તરીકે સંજય પટોલીયા તથા મહેન્દ્ર નરવરીયાને ઉમેરવામાં આવ્યા હતા.

### દેશમાં માર્શલ લો લગાવવાની જાહેરાત કરી

# દક્ષિણ કોરિયાની સંસદે પ્રમુખના નિર્ણયને ઉલટાવી દીધો, માર્શલ લોનો નિર્ણય રદ્દ

**પ્રમુખ યૂન સુક-યોલે મંગળવારે મોડી રાત્રે દેશમાં માર્શલ લો લગાવવાની કરી હતી જાહેરાત**

નવી દિલ્હી,તા.૪

દક્ષિણ કોરિયાના પ્રમુખ યૂન સુક-યોલે મંગળવારે મોડી રાત્રે દેશમાં માર્શલ લો લગાવવાની જાહેરાત કરી હતી. પ્રમુખે રાષ્ટ્રને સંબોધિત કરતી વખતે આ માહિતી આપી હતી. હકીકતમાં, સંસદમાં ભારે વિરોધ બાદ તેને અમાન્ય જાહેર કરવામાં આવ્યો હતો. મોડી રાત્રે, શાસક અને વિપક્ષ બંને પક્ષોના ૩૦૦માંથી ૧૯૦ સાંસદોએ માર્શલ લોને નકારવા સર્વસંમતિથી મતદાન કર્યું હતું. જે બાદ માર્શલ લો હટાવવો પડ્યો હતો.

છેલ્લી વખત દક્ષિણ કોરિયાના પ્રમુખે ૧૯૮૦માં વિદ્યાર્થીઓ અને મજૂર સંગઠનોની આગેવાની હેઠળના રાષ્ટ્રવ્યાપી બળવા દરમિયાન માર્શલ લૉ જાહેર કર્યો હતો.

મહત્ત્વપૂર્ણ છે કે, વિપક્ષી પાર્ટીઓ અને શાસક પક્ષના નેતાઓ પણ પ્રમુખના માર્શલ લૉ લગાવવાના નિર્ણયનો વિરોધ કરી રહ્યા હતા. યૂન સુક-યોલના આ નિર્ણયનો તેમની જ પાર્ટીના નેતા હાન ડોંગ-હૂને સખત વિરોધ કર્યો હતો. હુને સંસદમાં માર્શલ લો વિરુદ્ધ મતદાનમાં પણ ભાગ લીધો હતો.સાઉથ કોરિયામાં માર્શલ લો લાગુ થયા બાદ તણાવ વધ્યો હતો. સંસદની બહાર ભીડ એકઠી થઈ ગઈ હતી. વિરોધ પક્ષો અને શાસક સાંસદોએ પણ તેનો વિરોધ કર્યો હતો. સંસદની બહાર એકઠા થયેલા સેંકડો વિરોધીઓ અને મીડિયાકર્મીઓએ દક્ષિણ કોરિયાનો ધ્વજ લહેરાવ્યો અને દક્ષિણ કોરિયાના વિરોધ પક્ષના નેતાએ પ્રમુખ યૂન સુક-યોલની માર્શલ લૉની જાહેરાતને 'ગેરબંધારણીય' ગણાવી. તેમણે કહ્યું કે, આ પગલું દેશના બંધારણની વિરુદ્ધ છે અને લોકતાંત્રિક પ્રક્રિયાઓને નબળી પાડે છે.દક્ષિણ કોરિયાના પ્રમુખ યૂન સુક-યોલે મંગળવારે દેશમાં 'ઈમરજન્સી માર્શલ લૉ'ની જાહેરાત કરી અને તેમણે વિરોધ પક્ષો પર સરકારને લકવાગ્રસ્ત કરવાનો, ઉત્તર કોરિયા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો, દેશની બંધારણીય વ્યવસ્થાને નબળી કરવાનો આરોપ લગાવ્યો. તેમણે ટેલિવિઝન પર પ્રસારિત રાષ્ટ્રના નામે સંબોધનમાં આ જાહેરાત કરી હતી.પ્રમુખ યૂન સુક-યોલે પોતાના સંબોધનમાં કહ્યું કે, 'હું દક્ષિણ કોરિયાને ઉત્તર કોરિયાના સામ્યવાદી દળો દ્વારા ઉભા કરવામાં આવેલા જોખમોથી બચાવવા અને રાષ્ટ્રવિરોધી તત્વોને ખતમ કરવા ઈમરજન્સી માર્શલ લો જાહેર કરું છું.' તેમણે દેશની સ્વતંત્ર અને બંધારણીય વ્યવસ્થાની રક્ષા માટે તેને જરૂરી ગણાવ્યું હતું. આગામી વર્ષના બજેટને લઈને યૂનની પીપલ્સ પાવર પાર્ટી અને વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટી વચ્ચે ચાલી રહેલા વિવાદ બાદ આ જાહેરાત કરવામાં આવી હતી.

### રાજ્ય સરકારના કર્મચારીઓ માટે આનંદના સમાચાર

# રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો

**આ સાથે સરકાર દ્વારા જુલાઈથી ડિસેમ્બર મહિના સુધીનું એરિયસ પણ ચુકવવામાં આવશે**

ગાંધીનગર,તા.૪

રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે ખુશીના સમાચાર આવ્યા છે. સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેનો લાભ ગુજરાત સરકારના વર્તમાન કર્મચારીઓ અને પેન્શનરોને મળશે. હવે ગુજરાત સરકારના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૫૦ ટકાથી વધીને ૫૩ ટકા થઈ ગયું છે.

ગુજરાતમાં રાજ્ય સરકારના કર્મચારીઓને અત્યાર સુધી ૫૦ ટકાના દરે મોંઘવારી ભથ્થું મળી રહ્યું હતું, હવે તેમાં ત્રણ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. હવે મોંઘવારી ભથ્થું વધીને ૫૩ ટકા થઈ ગયું છે. રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે મોંઘવારી ભથ્થામાં વધારો ૧ જુલાઈ ૨૦૨૪થી લાગૂ કરવામાં આવશે. એટલે કે બાકીના મહિનાઓનું એરિયર પણ કર્મચારીઓ તથા પેન્શનરોને મળશે.રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે રાજ્ય સરકારના કર્મચારીઓને જુલાઈથી લઈને ડિસેમ્બર સુધી મોંઘવારી ભથ્થાનું એરિયસ જાન્યુઆરી ૨૦૨૫માં ચુકવવામાં આવશે. આ મોંઘવારી ભથ્થામાં વધારો કરવાથી સરકારના લાખો કર્મચારીઓને લાભ મળશે.

### શિવંકિતા દીક્ષિતને CBI અધિકારી તરીકે ઓળખ આપી પડાવ્યા ૯૯ હજાર

# ડીજીટલ અરેસ્ટનો શિકાર બની ભૂતપૂર્વ ફેમિના મિસ ઈન્ડિયા

**મામલાને વહેલી તકે ઉકેલવો જોઈએ નહીંતર ધરપકડ બાદ તમારે જેલમાં જવું પડશે તેમ કહ્યું**

આગ્રા,તા.૪

ભૂતપૂર્વ ફેમિના મિસ ઈન્ડિયા શિવંકિતા દીક્ષિત સાઈબર ફ્રોડનો શિકાર બની હતી. ઠગએ તેને લગભગ બે કલાક સુધી વીડિયો કોલ પર ડિજિટલ અરેસ્ટમાં રાખી અને પછી ૯૯ હજાર રૂપિયા પડાવ્યા હતા. ઠગે શિવાંકિતાને મની લોન્ડરિંગ અને બાળકોના અપહરણના પૈસા તેના ખાતામાં આવ્યા હોવાનું કહીને તેને ફસાવીને તેની પાસેથી પૈસા પડાવ્યા હતા. હાલમાં તેણે સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી છે.

આગ્રાના માનસ નગરની રહેવાસી શિવંકિતા દીક્ષિત વર્ષ ૨૦૧૭માં ફેમિના મિસ ઈન્ડિયા પશ્ચિમ બંગાળ રહી ચૂકી છે. ત્યારે તેને અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ ઝ્રમ્ૈં અધિકારી તરીકે આપી હતી. તેણે શિવાંકિતાને કહ્યું કે તમારા આધાર કાર્ડ સાથે નોંધાયેલા સિમ પર દિલ્હીમાં બેંક ખાતું ખોલવામાં આવ્યું છે. માનવ તસ્કરી, મની લોન્ડરિંગ અને બાળકોના અપહરણ માટે ખંડણીની રકમ આ બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી છે. આ રીતે શિવાંકિતા છેતરપિંડીની જાળમાં ફસાઈ ગઈ અને વીડિયો કોલ પર વાત કરવા લાગી.શિવંકિતા દીક્ષિતના જણાવ્યા અનુસાર - વીડિયો કોલ પર એક વ્યક્તિ પોલીસના ડ્રેસમાં જોવા મળ્યો હતો. તેના યુનિફોર્મ પર ત્રણ સ્ટાર હતા. પાછળ સાયબર પોલીસ દિલ્હી પણ લખેલું હતું. એક પછી એક ચાર અધિકારીઓ સાથે વાત કરવામાં આવી. મહિલા અધિકારી સાથે પણ વાત કરી. તેમણે કહ્યું કે આ મામલાને વહેલી તકે ઉકેલવો જોઈએ નહીંતર ધરપકડ બાદ તમારે જેલમાં જવું પડશે. આ દરમિયાન શિવાંકિતા લગભગ બે કલાક સુધી વીડિયો કોલ પર સામેના વ્યક્તિના કહેવા મુજબ કરતી રહી. જેમાં શિવાંકિતાએ છેતરપિંડી કરનારના એકાઉન્ટમાં ૯૯,૦૦૦ રૂપિયા ઓનલાઈન મોકલ્યા. જયારે શિવંકિતાએ કહ્યું કે ઓનલાઈન ટ્રાન્સફરની લિમીટ પૂરી થઈ ગઈ છે, ત્યારે છેતરપિંડી કરનારે અન્ય કોઈ પાસેથી પૈસા ટ્રાન્સફર કરવાનું પણ કહ્યું હતું.શિવંકિતાએ જણાવ્યું કે મેં પહેલા ૧૯૩૦ હેલ્પલાઈન પર કોલ કરીને ફરિયાદ કરી અને પછી ઈમેલ દ્વારા સાયબર ક્રાઈમ સેલને ફરિયાદ મોકલી.

### કોંગ્રેસના સમર્થકોએ નારેબાજી કરનારા લોકોને માર માર્યો

# ગાઝિયાબાદમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વિરુદ્ધ સૂત્રોચ્ચાર

**બેરીકેડિંગના કારણે ટ્રાફિકજામમાં ફસાયેલા લોકોએ ભડક્યાં હતા અને નારેબાજી કરવા લાગ્યા હતા**

ગાજીયાબાદ,તા.૪

દિલ્હીને અડીને આવેલા ગાઝિયાબાદમાં દિલ્હી-મેરઠ એક્સપ્રેસ હાઈવે પર ગાઝીપુર બોર્ડર પર ભારે ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યાં. રાહુલ ગાંધી સંભલ જઈ રહ્યાં છે અને કોંગ્રેસના કાર્યકર્તાઓ પર ઉતર્યા છે. જેમાં બેરીકેડિંગના કારણે ટ્રાફિકજામમાં ફસાયેલા લોકોએ ભડક્યાં હતા અને નારેબાજી કરવા લાગ્યા હતા. મળતી માહિતી મુજબ, ટ્રાફિકજામમાં અટવાયેલા લોકોએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વિરુદ્ધ પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. જાણવા મળ્યું છે કે, કોંગ્રેસના સમર્થકોએ નારેબાજી કરનારા લોકોને માર માર્યો હતો. આ પછી સામાન્ય લોકો અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. કોંગ્રેસ કાર્યકર્તાઓ અને મુસાફરી કરી રહેલા લોકો વચ્ચે ઘર્ષણનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોવા મળે છે કે, કોંગ્રેસના સમર્થકો નારેબાજી કરતાં કેટલાક લોકોને હટાવી રહ્યા છે અને તેમની સાથે ઝઘડો કરી રહ્યાં છે. જ્યારે કોંગ્રેસના સમર્થકો અમુક લોકો સાથે મારામારી પણ કરી રહ્યા છે અને ધક્કો મારીને ત્યાથી હટાવી રહ્યા છે. ગાઝીપુર બોર્ડર પર ફસાયેલા એક વ્યક્તિએ કહ્યું કે, મને ખબર નથી કે અમને કેમ રોકવામાં આવી રહ્યા છે? રાહુલ ગાંધી રસ્તાની બીજી બાજુ છે તો આ રસ્તો કેમ રોક્યો? જનતાને પરેશાની ભોગવવી પડી રહી છે. આ સાથે અન્ય કેટલાક લોકોએ પણ નારાજગી વ્યક્ત કરી હતી. જ્યારે કોંગ્રેસ તરફથી કહેવામાં આવી રહ્યું છે કે, નારેબાજી કરી રહેલા લોકો ભાજપના કાર્યકર્તા હતા. જો કે, બધાને જગ્યા પર થી હટાવી દેવામાં આવ્યાં છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસ સ્થળ પર તૈનાત કરી દેવામાં આવી છે. રાહુલ ગાંધી પણ દિલ્હી પરત જતા રહ્યા છે.

### ઘરમાંથી બહાર નીકળ્યા લોકો

# તેલંગાણામાં જોરદાર ભૂકંપના આંચકાથી ધરતી ધ્રૂજી

**કોઈ જાનહાનિ કે મોટા નુકસાન થયાની માહિતી નથી, અધિકારીઓ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે**

હૈદરાબાદ,તા.૪

તેલંગાણાના મુલુગુ જિલ્લામાં બુધવારે સવારે ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, સવારે ૭.૨૭ વાગ્યે ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. હૈદરાબાદમાં પણ આ આંચકાની અસર જોવા મળી હતી. ભૂકંપના આંચકા અનુભવાયા બાદ લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો અને લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના તાત્કાલિક અહેવાલો નથી. અધિકારીઓ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે. રહેવાસીઓને ભૂકંપ દરમિયાન સતર્ક રહેવા અને ભીડવાળા અથવા અસુરક્ષિત માળખાંથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી રહી છે.તેલંગાણામાં આવેલા ભૂકંપથી સ્થાનિક લોકો પરેશાન છે. અનેક જિલ્લાઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લગભગ ત્રણ સેકન્ડ સુધી જમીન ધ્રૂજવાની માહિતી છે. ભૂકંપના કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ખમ્મમ, મહબૂબાબાદ, નલગોંડા, વારંગલ, હનુમાકોંડા, રંગારેડ્ડી, હૈદરાબાદ, સંગારેડ્ડી, મંચિરયાલા અને ભદ્રાદ્રી જિલ્લાના કેટલાક ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ખમ્મમ જિલ્લાના કોઠાગુડેમ, ચાર્લા, ચિંતાકાની, નાગુલવંચા, મનુગુરુ અને ભદ્રાચલમ વિસ્તારોમાં આંચકા મુખ્યત્વે અનુભવાયા હતા.એપીના કૃષ્ણા અને એલુરુ જિલ્લાના કેટલાક ભાગોમાં પણ હળવા આંચકા અનુભવાયા હતા. અધિકારીઓનું કહેવુંછે કે, મુખ્યત્વે ગોદાવરી કેચમેન્ટ એરિયાની સાથે-સાથે કોયલા બેલ્ટ વિસ્તારમાં ભૂકંપ સૌથી વધુ તીવ્ર હતો. અધિકારીઓએ કહ્યું કે, રેકોર્ડ સ્કેલ પર ૫.૩ની તીવ્રતા સાથે પૃથ્વી ધ્રૂજી ઉઠી હતી. મહત્ત્વપૂર્ણ છે કે, તેલંગાણામાં ભૂકંપ બહુ ઓછા આવે છે, તેથી લોકો પહેલા સમજી શક્યા ન હતા કે ખરેખર ભૂકંપ આવ્યો હતો.

# સચિન તેંડુલકરની દીકરી સારા પિતાના NGO માં ડિરેક્ટર બની

મુંબઈ,તા.૪

સારા તેંડુલકર હવે ડિરેક્ટર બની ગઈ છે. સચિન તેંડુલકરે તેની નવી ભૂમિકાની જાહેરાત કરી છે. સચિને તેની પુત્રીના ડિરેક્ટર બનવા પર ખુશી વ્યક્ત કરી અને આ સમાચાર પોતે પણ શેર કર્યા હતા.પિતા શું ઈચ્છે છે? બાળકોની સફળતા. પિતા બાળકોની સફળતાને પોતાની વાસ્તવિક સંપત્તિ માને છે. પિતા બાળકોની સફળતા પર જ આનંદ અનુભવે છે. જેમ સચિન તેંડુલકર અત્યારે ગર્વથી છલોછલ છે. તેમની છાતી ગર્વથી ફૂલી ગઈ છે. એવું એટલા માટે છે, કારણ કે દીકરી સારા ડિરેક્ટર બની ગઈ છે. સચિને પોતે ખુશી વ્યક્ત કરતા આખી દુનિયા સામે આ વાતની જાહેરાત કરી છે.સચિન તેંડુલકરે તેની પુત્રી સારાના નવા કામ અને નવી ભૂમિકા વિશે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું. જેમાં તેણે લખ્યું કે તે કહેતા ખૂબ જ ખુશ છે કે સારા તેંડુલકર સચિન તેંડુલકર ફાઉન્ડેશનમાં ડિરેક્ટર તરીકે જોડાઈ છે.સચિન તેંડુલકર ફાઉન્ડેશનલ એ સુપ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકર દ્વારા સંચાલિત દ્ગર્ં છે, જે બાળકોના વિકાસ, આરોગ્ય અને શિક્ષણ માટે કામ કરવા પર ભાર મૂકે છે. સારા તેંડુલકરે યુનિવર્સિટી કોલેજ લંડનમાંથી ક્લિનિકલ અને પબ્લિક હેલ્થ ન્યુટ્રિશનમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. સારાએ આ વર્ષે પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે અને હવે તે સચિન તેંડુલકર ફાઉન્ડેશનમાં ડિરેક્ટર તરીકે કામ કરશે. તેની માસ્ટર ડિગ્રી દરમિયાન પણ સારાએ તેના પિતાના NGOની ઘણી વખત મુલાકાત લીધી હતી, જેનાથી એવું લાગતું હતું કે તેનો રસ બાળકોના શિક્ષણ અને વિકાસ તરફ હતો.સચિન તેંડુલકર ફાઉન્ડેશનના ડિરેક્ટર તરીકેની જવાબદારી સંભાળતા પહેલા સારા તેંડુલકરે તેની માતા સાથે ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લઈને દ્ગર્ં માટે ઘણું કામ કર્યું છે. સારા સોશિયલ મીડિયા પર તે તમામ કાર્યોના અપડેટ્સ શેર કરતી રહે છે. તે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે.

### મહારાષ્ટ્રની નવી કેબિનેટમાં હશે ૪૩ મંત્રીઓ

# મહારાષ્ટ્રમાં ૫મી ડિસેમ્બરે સીએમ અને ડેપ્યુટી સીએમના શપથ ગ્રહણ માટે બે પ્રસ્તાવ

**સાંજ સુધીમાં એ નક્કી થઈ જશે કે મહારાષ્ટ્રના નવા મંત્રીમંડળ માટે કેટલા લોકો શપથ લેશે**

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રમાં ૫મી ડિસેમ્બરે સીએમ અને ડેપ્યુટી સીએમના શપથ ગ્રહણ માટે બે પ્રસ્તાવ છે, જેમાં પ્રથમ-સીએમ અને બે ડેપ્યુટી સીએમ હશે અને આવતીકાલે આ ત્રણ જ લોકો શપથ લેશે. બીજો પ્રસ્તાવ એ છે કે સીએમ અને બે ડેપ્યુટી સીએમ અને કેટલાક મંત્રીઓ શપથ લેશે. આજે સાંજ સુધીમાં એ નક્કી થઈ જશે કે મહારાષ્ટ્રના નવા મંત્રીમંડળ માટે કેટલા લોકો શપથ લેશે.

દરમિયાન સૌથી મોટા સમાચાર એ છે કે વિધાનસભાના અધ્યક્ષ અને વિધાન પરિષદના અધ્યક્ષનું પદ ભાજપ પાસે હશે અને વિધાનસભાના ઉપાધ્યક્ષનું પદ NCP પાસે હશે અને વિધાન પરિષદના ઉપાધ્યક્ષનું પદ શિંદે પાસે રહેશે. આજે બપોરે ૩.૩૦ વાગ્યે મહાયુતિના નેતાઓ રાજભવન જશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

નવી કેબિનેટની સંભવિત ફોર્મ્યુલા

ભાજપ- ૨૧
શિંદે શિવસેના- ૧૨
અજીત NCP-૧૦

ભાજપના સંભવિત ચહેરાઓ
દેવેન્દ્ર ફડણવીસ – મુખ્યમંત્રી
ચંદ્રશેખર બાવનકુળે
ગિરીશ મહાજન
રાધાકૃષ્ણ વિખે પાટીલ
સુધીર મુનગંટીવાર
રવિન્દ્ર ચવ્હાણ
નિતેશ રાણે
શિવેન્દ્ર રાજે ભોસલે
જયકુમાર ગોર
જયકુમાર રાવલ
ગોપીચંદ પડલકર
અશોક ઉઈકે
પંકજા મુંડે
ચંદ્રકાંત પાટીલ
મોનિકા રાજલે
વિદ્યા ઠાકુર/ સંજય ઉપાધ્યાય
સ્નેહલ દુબે–ઉત્તર ભારતીય ચહેરા તરીકે

શિવસેના તરફથી શિંદે સંભવિત ચહેરો
એકનાથ શિંદે – નાયબ મુખ્યમંત્રી
ઉદય સામંત
શંભુરાજ દેસાઈ
દીપક કેસરકર
ભરત ગોગાવલે
દાદા સ્ટ્રો
ગુલાબરાવ પાટીલ
મંજુલા ગાવિત
સંજય રાઠોડ
સંજય શિરસાટ

દ્રઊઁ તરફથી અજિત પવાર સંભવિત ચહેરો : અજિત પવાર – નાયબ મુખ્યમંત્રી
છગન ભુજબળ
દિલીપ વાલસે પાટીલ
હસન મુશ્રીફ
ધનંજય મુંડે
અદિતિ તટકરે
ધર્મરાવ બાબા આત્રામ
સંજય બનસોડે

શપથગ્રહણ બાદ તરત જ રાજ્ય મંત્રીમંડળની પ્રથમ બેઠક યોજાશે અને વિધાનસભાના વિશેષ સત્રની તારીખ નક્કી કરીને રાજ્યપાલને ૭ થી ૯ ડિસેમ્બર સુધી વિશેષ સત્ર યોજવાની શક્યતા છે.ત્યાર બાદ નાગપુરમાં સરકારનું પ્રથમ શિયાળુ સત્ર ૧૬ ડિસેમ્બરથી શરૂ થઈ શકે છે, જેની તૈયારીઓ નાગપુરમાં શરૂ થઈ ગઈ છે. મંત્રીઓના કોટેજ, મુખ્યમંત્રીના નિવાસસ્થાન, બંને નાયબ મુખ્યમંત્રીઓના નિવાસસ્થાને દરેક જગ્યાએ પેઈન્ટિંગનું કામ શરૂ થઈ ગયું છે.

### મહારાષ્ટ્ર સરકારમાં ચાલી રહેલા સસ્પેન્સનો અંત

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદ માટે દેવેન્દ્ર ફડણવીસનું નામ ફાઈનલ કરવામાં આવ્યું

**૨૦૨૪ની ચૂંટણી દરમિયાન વર્ષ ૨૦૧૯ની એક વીડિયો ક્લિપ વાયરલ થઈ હતી, જેમાં ફડણવીસ કહી રહ્યા હતા કે તેઓ 'સમુદ્ર' છે અને 'પાછા આવશે**

મહારાષ્ટ્ર,તા.૪

લાંબા સમયની ચર્ચાઓ અને અટકળો બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદ માટે દેવેન્દ્ર ફડણવીસનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે. એવા અહેવાલો છે કે બુધવારે મળેલી સમિતિની બેઠકમાં ભારતીય જનતા પાર્ટીએ ફડણવીસને વિધાયક દળના નેતા તરીકે પસંદ કર્યા છે. ગુરુવારે શપથ ગ્રહણ સમારોહ યોજાય તેવી શક્યતાઓ છે. ખાસ વાત એ છે કે ૨૦૨૪ની ચૂંટણી દરમિયાન વર્ષ ૨૦૧૯ની એક વીડિયો ક્લિપ વાયરલ થઈ હતી, જેમાં ફડણવીસ કહી રહ્યા હતા કે તેઓ 'સમુદ્ર' છે અને 'પાછા આવશે.' ભાજપ દ્વારા મહારાષ્ટ્રમાં કેન્દ્રીય નિરીક્ષક બનાવવામાં આવેલા વિજય રૂપાણીએ પહેલા જ ફડણવીસના નામનો સંકેત આપી દીધો હતો. રૂપાણીએ સોમવારે કહ્યું હતું કે, 'મને લાગે છે કે મહારાષ્ટ્રને આ વખતે બીજેપીના મુખ્યમંત્રી મળશે કારણ કે (આઉટગોઈંગ મુખ્યમંત્રી) એકનાથ શિંદેએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ પાર્ટીના ઉમેદવાર (ટોચના પદ માટે)ને સમર્થન આપશે.' રૂપાણીની સાથે ભાજપે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને પણ જવાબદારી સોંપી હતી.

એક દિવસ પહેલા કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ કહ્યું હતું કે, 'મને લાગે છે કે આવતીકાલે યોજાનારી બેઠકમાં ભાજપના નિરીક્ષકો તમામ ધારાસભ્યોને સાંભળશે અને આવતીકાલે દેવેન્દ્ર ફડણવીસના નામની જાહેરાત કરવામાં આવશે. એકનાથ શિંદેને કોઈ સમસ્યા નથી, તેઓ પહેલેથી જ જાહેરાત કરી ચૂક્યા છે કે તેઓ સીએમ પદની રેસમાં નથી. તેમણે વધુમાં કહ્યું કે, 'ભાજપ હાઈકમાન્ડે તેમને પહેલેથી જ કહી દીધું છે કે તેઓ સીએમ નહીં બને. તેમની પાસે મહાયુતિના અધ્યક્ષ બનવા અથવા કેન્દ્રીય મંત્રી બનવાનો વિકલ્પ છે, પરંતુ તેઓ તેના માટે તૈયાર નથી. તે ખૂબ જ નર્વસ છેપ' જૂન-જુલાઈ ૨૦૨૨માં શિવસેના તૂટ્યા બાદ ભાજપે શિંદેની મદદથી સરકાર બનાવી હતી. તે પછી, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહાવિકાસ આઘાડી સરકારના પતન પછી, ભાજપે ૧૦૦થી વધુ ધારાસભ્યો હોવા છતાં શિંદેને સીએમ પદ પર બનાવ્યા હતા. હવે, ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની બમ્પર જીત બાદ, શિંદેને રાજ્યનું ટોચનું પદ સોંપવામાં આવશે તે અંગે ફરી ચર્ચાઓ શરૂ થઈ છે.

મુખ્યમંત્રી પદને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે ફડણવીસ મંગળવારે સાંજે શિંદેને મળવા વર્ષા નિવાસે પહોંચ્યા હતા. એવા અહેવાલો છે કે બંને નેતાઓ વચ્ચે લગભગ એક કલાક સુધી વાતચીત ચાલી હતી. આ પહેલા શિવસેના પ્રમુખને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓના કારણે થાણેની જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે શુક્રવારે ગામમાં પણ ગયો હતો અને તેણે કહ્યું હતું કે તેની તબિયત સારી નથી. મહારાષ્ટ્રમાં સરકારની રચના માટે ઘટનાક્રમ ઝડપથી બદલાઈ રહ્યો છે. રખેવાળ મુખ્યપ્રધાન એકનાથ શિંદેની તબિયત મંગળવારે બગડી હતી. જે બાદ તેને હેલ્થ ચેકઅપ માટે ખાનગી હોસ્પિટલમાં જવું પડ્યું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે શિંદે મંત્રી પદની વહેંચણીને લઈને નારાજ છે. છેલ્લા ૨૪ કલાકમાં ફડણવીસના મુશ્કેલીનિવારક ગિરીશ મહાજન બે વાર શિંદેને મળ્યા છે. જોકે, તેમણે આ બેઠકને માત્ર ઔપચારિક ગણાવી હતી. દેવેન્દ્ર ફડણવીસ મોડી સાંજે કાર્યવાહક મુખ્યમંત્રી શિંદેને મળવા પહોંચ્યા હતા.ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી બીજેપી વિધાયક દળના નેતાની પસંદગી કરવા માટે મુંબઈ પહોંચી ગયા છે, જ્યારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ સવારે મુંબઈ પહોંચશે. બુધવારે સવારે ૧૦ વાગે ભાજપ ધારાસભ્ય દળની બેઠક વિધાનસભા ભવનના સેન્ટ્રલ હોલમાં યોજાશે. એવી ચર્ચા છે કે નેતા તરીકે ચૂંટાયા બાદ મુખ્યમંત્રી કોણ બનશે, તેના પરથી પડદો ઉંચકાઈ શકે છે કારણ કે મુખ્યમંત્રી ભાજપના જ હશે, તેથી દેવેન્દ્ર ફડણવીસ હજુ પણ રેસમાં આગળ છે. ભાજપના ધારાસભ્ય દળના નેતાની પસંદગી થયા બાદ મહાયુતિની બેઠક મળશે જેમાં નેતાની પસંદગી કરવામાં આવશે. ત્યારબાદ મહાયુતિના નેતાઓ રાજભવન જશે, જ્યાં રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનની સામે સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

### નવી સરકારની રચના માટે રસ્તો સાફ થઈ ગયો

# મહાયુતિએ સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો, ફડણવીસે શિંદેને કરી અપીલ

**મહાયુતિ તરફે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મળીને પત્ર સોંપીને સરકાર રચવાનો દાવો કર્યો હતો**

મુંબઈ,તા.૪

મહારાષ્ટ્રમાં નવી સરકારની રચના માટે રસ્તો સાફ થઈ ગયો છે. મહાયુતિ તરફે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મળીને પત્ર સોંપીને સરકાર રચવાનો દાવો કર્યો હતો. શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બર, ગુરુવારે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

સરકાર બનાવવાનો દાવો કર્યા બાદ દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદે અને અજિત પવારનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે બંને સહયોગીઓએ તેમને ટેકો આપ્યો અને સરકાર બનાવવામાં મદદ કરી, આ માટે આભાર. દેવેન્દ્ર ફડણવીસે દાવો કર્યો હતો કે મહાયુતિ સરકાર આગામી પાંચ વર્ષમાં મહારાષ્ટ્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે કામ કરશે.પ્રેસ કોન્ફરન્સમાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, ''હું ગઈ કાલે એકનાથ શિંદેને મળ્યો હતો. મેં તેમને સરકારમાં સામેલ થવા વિનંતી કરી હતી. શિવસેનાના તમામ ધારાસભ્યો પણ એવું જ ઈચ્છે છે. કોણ શપથ લેશે તે નક્કી કરવા અમે આવતીકાલે એક બેઠક કરીશું. દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, આજે હું માનનીય રાજ્યપાલને મળ્યો છું અને ભાજપ, શિવસેના, એનસીપી અને ધારાસભ્યોના સમર્થનના પત્રો રાજ્યપાલને સોંપ્યા છે. હું એકનાથ શિંદેનો આભાર વ્યક્ત કરું છું. તેમણે મુખ્યમંત્રી માટે મારા નામની ભલામણ કરી હતી. શપથ ગ્રહણ સમારોહ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યોજાશે.આ સાથે જ પ્રેસ કોન્ફરન્સમાં અજિત પવારે કહ્યું કે મહારાષ્ટ્રમાં વિકાસની વાત થશે અને નવી સરકારનું ફોકસ માત્ર વિકાસ પર રહેશે. સાથે જ તેમણે કહ્યું કે છેલ્લા અઢી વર્ષમાં ત્રણેય મળીને નિર્ણયો લીધા છે. ભવિષ્યમાં પણ મહારાષ્ટ્રની તરફેણમાં સંકલનથી કામ કરવામાં આવશે.

### ઉદ્યોગકારોને પ્લગ એન્ડ પ્લે તરીકે ઓફર કરાશે

# બનાસકાંઠામાં ૪ સહિત રાજ્યમાં વધુ ૨૧ GIDC સ્થપાશે

**નવા વિસ્તારોમાં GIDC શરૂ થવાના કારણે સ્થાનિક ઉદ્યોગોને નજીકમાં જ અદ્યતન સુવિધા સાથેની વસાહત મળશે તેના કારણે સ્થાનિક રોજગારીમાં પણ વધારો થશે**

અમદાવાદ,તા.૪

રાજ્યના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતના કહેવા મુજબ નવી GIDCની સ્થાપનામાં જે તે જિલ્લાના એવા સ્થળ પસંદ કરવામાં આવ્યા છે, જેના કારણે રાજ્યના સમતોલ વિકાસને પ્રાધાન્ય મળી રહે તે સાથે નવા વિસ્તારોમાં GIDC શરૂ થવાના કારણે સ્થાનિક ઉદ્યોગોને નજીકમાં જ અદ્યતન સુવિધા સાથેની વસાહત મળશે તેના કારણે સ્થાનિક રોજગારીમાં પણ વધારો થશે.

મળતી માહિતી મુજબ, ઉદ્યોગ વિભાગ દ્વારા લાંબા સમયથી નવી ઔદ્યોગિક વસાહતો શરૂ કરવાની પ્રક્રિયા ચાલતી હતી તેને આખરી ઓપ આપી દેવાયો છે. નવી જંત્રીના દર લાગુ પડે તે પૂર્વે ૨૧ પૈકી જે GIDC માં જમીન સંપાદન કરવાની બાકી છે તેમાં ઝડપથી સરકારી પડતર જમીન ઉદ્યોગ વિભાગ દ્વારા ચલણ ભરીને જંત્રીના ભાવે ખરીદવામાં આવશે. તે પછી તેમાં રોડ-રસ્તા, વીજળી, ડ્રેનેજની સુવિધા અને પ્લોટિંગ સાથે માળખું તૈયાર કરીને જે તે ઉદ્યોગકારોને પ્લગ એન્ડ પ્લે તરીકે ઓફર કરાશે.ઉદ્યોગકારોને આ પ્લોટ વિકસિત વિસ્તાર હોય તો જંત્રીના ભાવના ૫૦%, મધ્યમ વિકસિત હોય તો જંત્રીના ભાવના ૨૫% અને અલ્પવિકસિત હોય તો જંત્રીના દર પ્રમાણે જ ઓફર કરવાની પ્રક્રિયા અંગે ટૂંક સમયમાં આખરી નિર્ણય લેવાશે. ઉદ્યોગ વિભાગ દ્વારા નવી વસાહતો જાહેર કરાઈ છે તેના સર્વે નંબર પ્રમાણે સ્થળ નક્કી કરાયું છે પરંતુ તે તાલુકા અને જિલ્લામાંથી મહત્તમ કનેક્ટિવિટી ધરાવતું હોય તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.ઉદ્યોગ મંત્રી રાજપૂતના કહેવા મુજબ સરકારની પ્રોત્સાહન નીતિના કારણે સ્થાનિક સ્તરે નવા ઉદ્યોગોને વિકસવાની તક મળી રહી છે. વિવિધ જિલ્લાના કેટલાક નવા તાલુકાનો પણ સમાવેશ કરાયો છે જ્યાં નવી વસાહતની સ્થાપના કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં હાલ કુલ ૨૩૯ જેટલી GIDC છે, જેમાં ૭૦ હજાર કરતા વધુ રોકાણકારો છે. લાંબા સમયથી નવી ઔદ્યોગિક વસાહતો શરૂ કરવાની માગણી પણ સ્થાનિક ઉદ્યોગકારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કરાઈ રહી હતી.રાજ્યમાં ૨૧ નવી GIDC શરૂ કરવાની કામગીરી ફાઈનલ કરી દેવાઈ છે.જેમાં રાજકોટના વીંછિયા, બનાસકાંઠામાં અલીગઢ, યાવરપુર, દૂધવા અને લવાણા તેમજ મહેસાણામાં મલેકપુર, નાની ભલુ અને જોટાણ, પાટણમાં પૂનાસણ અને માનપુરા, ગાંધીનગરમાં કડજોદરા, અમરેલીમાં સામપાદર, જૂનાગઢમાં ગળોદર અને માળીયા હાટીના, ભરૂચમાં ભીમપુરા, ગીર સોમનાથમાં નવા બંદર, છોટાઉદેપુરમાં લઢોદ, ખેડામાં જેસપુરા-મીઠાપુરા અને મહુધા, આણંદમાં કહાનવાડી અને મહીસાગરમાં બાલાસિનોરનો સમાવેશ થાય છે.

## આરોહી પટેલ એક્ટર તત્સત મુનશી સાથે ડિસેમ્બરમાં લગ્નના બંધનમાં બંધાવાની છે

અમદાવાદ,તા.૪

ગુજરાતી ફિલ્મ એક્ટ્રેસ આરોહી પટેલ એક્ટર તત્સત મુનશી સાથે આ મહિને એટલે કે ડિસેમ્બરમાં લગ્નના બંધનમાં બંધાવાની છે. આરોહી અને તત્સતે ફિલ્મ 'ઓમ મંગલમ સિંગ્લમ' તેમજ વેબસિરિઝ 'નોન-આલ્કોહોલિક બ્રેકઅપ'માં સાથે કામ કરેલું છે. વેબ સિરીઝના શૂટિંગ દરમિયાન ફ્રેન્ડ્સ બનેલા આરોહી અને તત્સત ઘણી સમાન રૂચિ ધરાવે છે, જેમાં બોલિવૂડ ફિલ્મો પ્રત્યેનો તેમનો પ્રેમ પણ સામેલ છે.આ ઉપરાંત બંનેઓ મલ્હાર અને પૂજાના લગ્નમાં પણ સાથે જોવા મળ્યા હતા. તત્સત અને કોમેડી વેબ સિરીઝ નોન-આલ્કોહોલિક બ્રેકઅપના સેટ પર મિત્રો બન્યા હતા અને પછી તેમની મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ હતી. ત્યારે હવે બંને તેમના સંબંધોને લગ્ન સુધી આગળ ધપાવવાની તૈયારી કરી રહ્યા છે. આરોહિ અને તત્સત બંનેના ઘરો રોશનીથી ડેકોરેટ પણ કરવામાં આવ્યા છે. છે.આ સિવાય આ બંને અવારનવાર સાથે જોવા મળે છે. તાજેતરમાં મલ્હાર ઠાકર અને પૂજા જોષીના રિસેપ્શન ફંક્શનમાં તત્સત મુનશી અને આરોહી પટેલે પેપ્સ સામે એકસાથે પોઝ આપ્યા હતા. તત્સત મુનશી અને આરોહી પટેલે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'અમારી ફ્રેમિલી અમને ટોમ એન્ડ જેરી કહે છે. અમારી મિત્રતા તેમના જેવી છે. આ સિવાય બંનેને વીડિયો ગેમ્સ, મસાલા મૂવીઝ ખૂબ જ ગમે છે. આરોહી 'લવ ની ભવાઈ', 'મોન્ટુ ની બિટ્ટુ', અને 'ઓમ મંગલમ સિંગલમ' જેવી ઘણી ફિલ્મોમાં જોવા મળી છે. તેનો જન્મ દિગ્દર્શકો અને નિર્માતાના પરિવારમાં થયો હતો. તેને ડાન્સનો ખુબ શોખ છે. ફિલ્મ અને ટેલિવિઝન ઉદ્યોગમાં કામ કરવા સિવાય તે કેટલીક ગુજરાતી વેબ સિરીઝમાં પણ કામ કરી ચૂકી છે. વર્ષ ૨૦૨૧માં તેણે ઓહો ગુજરાતી OTT પ્લેટફોર્મ પર પ્રીમિયર થયેલી વેબ સિરીઝ 'ઓકે બોસ'માં 'મેઘા વસાવડા' ની ભૂમિકા ભજવી હતી. આરોહીના લાખો ચાહકો છે.

### ૩૦ દેશોમાંથી BAPS કાર્યકરો લેશે ભાગ

# ૭ ડિસેમ્બરે BAPS સંસ્થાનો આંતરરાષ્ટ્રીય 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' ઉજવાશે

**અત્યાર સુધી ૧ લાખથી વધુ કાર્યકરોનું રજિસ્ટ્રેશન થઇ ગયું છે BAPS ના વડા મહંત સ્વામી મહારાજ અને ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.**

અમદાવાદ,તા.૪

આવનારી ૭ ડિસેમ્બર શનિવારેના રોજ વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે BAPS સંસ્થાના આંતરરાષ્ટ્રીય 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' ની ઉજવણી કરવામાં આવશે. જેને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. એમાં વિશ્વના ૩૦ દેશોમાં સેવારત BAPS કાર્યકરો 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'માં ભાગ લેશે, અત્યાર સુધી ૧ લાખથી વધુ કાર્યકરોનું રજિસ્ટ્રેશન થઈ ગયું છે. BAPS ના વડા મહંત સ્વામી મહારાજ અને ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાત તેમજ ભારતના વિવિધ પ્રાંતોમાંથી આવનાર કાર્યકરોના હજારો વાહનોના પાર્કિંગ માટે રિવરફ્રન્ટ આગળ સુંદર આયોજન, કાર્યકરોને પાર્કિંગ સ્થળ અને સ્ટેડિયમ સુધી પહોંચવા, ટ્રાફિક નિયમન કરવા સ્વયંસેવકો સજ્જ રહેશે. BAPS ના સારંગપુર (બોટાદ), રાયસણ અને શાહીબાગ ખાતે છેલ્લાં બે મહિનાઓથી તૈયારી ચાલી રહી છે.

આ કાર્યક્રમ માટે પુરુષો અને મહિલા કાર્યકરો માટે ખાસ ડ્રેસ કોડ નક્કી કરવામાં આવ્યો છે. ૩ ડિસેમ્બરે સાંજ ૫:૦૦ વાગ્યાથી ૮:૩૦ વાગ્યા સુધી ચાલનાર આ કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ પર્ફોર્મર્સ રજૂ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ૧૫૦૦થી વધુ બાળકો ખાસ પ્રસ્તુતિ કરશે.૭ ડિસેમ્બરે સાંજે ૫:૦૦ થી ૮:૩૦ સુધી ચાલનાર આ રંગારંગ કાર્યક્રમની મુખ્ય થીમ ત્રણ વિભાગમાં અદભૂત પ્રસ્તુતિ દ્વારા વ્યક્ત થશે: (૧) બીજ: છેલ્લાં ૧૦૦ કરતાં વધુ વર્ષોથી આરંભાયેલી આ સ્વયંસેવક પરંપરાનું બીજારોપણ અને તેના પોષણની રજૂઆત આ વિભાગમાં થશે. (૨) વટવૃક્ષ: એક નાના બીજમાંથી વટવૃક્ષ બનેલી આ સ્વયંસેવક-સેવાઓ ભારત અને વિશ્વભરમાં કેવી રીતે વ્યાપી અને અનેક વિપરીત સંજોગોના વાવાઝોડા વચ્ચે પણ કર્તવ્યનિષ્ઠ રહેનાર કાર્યકરોની રોમાંચક ગાથાઓ આ વિભાગમાં પ્રસ્તુત થશે. (૩) ફળ: આ કાર્યકરોની નિસ્વાર્થ સેવાઓનાં મીઠાં ફળ સમાજના કરોડો લોકો માણી રહ્યા છે, તેની દિલધડક પ્રસ્તુતિ આ વિભાગમાં માણવા મળશે.

# પંજાબની ઘટના બાદ કેજરીવાલે ભાજપ અને અમિત શાહને આડેહાથ લીધા

**પંજાબ પોલીસના કારણે એક મોટી દુર્ઘટના થતી બચી ગઈ છે. હું પંજાબ પોલીસની પ્રશંસા કરું છું. પંજાબને બદનામ કરવાનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે**

નવી દિલ્હી,તા.૪

પંજાબમાં શિરોમણી અકાલી દળના નેતા સુખબીર સિંહ બાદલ પર ગોળી ચલાવવાની ઘટના બની હતી. જેમાં સુખબીર સિંહ બાદલનો જીવ બચી ગયો હતો. દરમિયાન આજે દિલ્હી વિધાનસભામાં આ મુદ્દે બોલતા અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું.તેમણે દિલ્હી વિધાનસભામાં કહ્યું, 'પંજાબ પોલીસના કારણે એક મોટી દુર્ઘટના થતી બચી ગઈ છે. હું પંજાબ પોલીસની પ્રશંસા કરું છું. પંજાબને બદનામ કરવાનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. આ ઘટના બાદ સમગ્ર ભાજપ અને મીડિયાએ પંજાબમાં કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે.તેઓ પંજાબની એક ઘટના પર સવાલ ઉઠાવી રહ્યા છે, પરંતુ જ્યારે દિલ્હીમાં હત્યા અને ખંડણીના કોલ આવી રહ્યા છે ત્યારે તેઓ કહી રહ્યા છે કે દિલ્હીમાં આ કોઈ મુદ્દો નથી. ગૃહમંત્રીના ઘરની ૧૦-૧૫ કિમીની રેન્જમાં સેંકડો ઘટનાઓ બની રહી છે. શું VIPની સુરક્ષા જરૂરી છે અને સામાન્ય માણસની સુરક્ષા જરૂરી નથી? તેમણે વધુમાં કહ્યું કે, 'જ્યારથી અમિત શાહ ગૃહમંત્રી બન્યા છે ત્યારથી દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ છે. હું લાંબા સમય સુધી મૌન રહ્યો પણ હવે નહીં. હું દિલ્હીના વિવિધ વિસ્તારોમાં જઈ રહ્યો છું, જ્યાં પણ ઘટનાઓ બને છે.આજે દિલ્હીની દરેક ગલીમાં ડ્રગ્સનું વેચાણ થઈ રહ્યું છે. હું તમને કહું છું કે આ ડ્રગ્સ ક્યાંથી આવી રહ્યુ છે. દિલ્હીમાં ઘણી જગ્યાએ ડ્રગ્સના મોટા કન્સાઈનમેન્ટ મળી આવ્યા હતા. આ ડ્રગ્સ ગુજરાતમાંથી આવ્યું હતું. ચૂંટણી પંચે પણ કહ્યું છે કે ગુજરાત ડ્રગ્સનું હબ બની ગયું છે. વડોદરાના અંકલેશ્વરમાં દવાની ફેક્ટરી આવેલી છે. મુન્દ્રા પોર્ટ પરથી હજારો કરોડનું ડ્રગ્સ ઝડપાયું છે.અરવિંદ કેજરીવાલે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાં ૨.૫ લાખ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આ ડ્રગ્સ દરિયાઈ માર્ગે ગુજરાતમાં પહોંચે છે, ત્યાં એક ફેક્ટરી ઉભી કરવામાં આવે છે, ત્યારબાદ તૈયાર કરેલી દવા અહીંથી આખા દેશમાં મોકલવામાં આવે છે.તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં ડ્રગ્સ પર નિયંત્રણ રાખવાની જવાબદારી ગૃહમંત્રીની છે. ગુજરાત અમિત શાહનું ગૃહ રાજ્ય છે. મુંદ્રા પોર્ટ અમિત શાહના મિત્રનું છે. સરકારની મિલીભગત વિના આ ડ્રગ્સનો વેપાર શક્ય નથી. હવે સવાલ એ થાય છે કે શું આ મિલીભગત સરકારના ઉચ્ચ સ્તર સાથે તો નથીને? તેમણે કહ્યું, 'હું આજે એ વાત જાહેર કરવા માંગુ છું કે જ્યારે હું સીએમ બન્યો ત્યારે મારા પર દિલ્હીની વીજળી અદાણીને સોંપવાનું દબાણ હતું. મેં એવું નથી કર્યું. જો તેણે આમ કર્યું હોત તો તે આજે દિલ્હીના લોકોને મફત વીજળી આપી શક્યા ન હોત અને ન તો દિલ્હીના લોકો વીજળીનું બિલ ચૂકવી શક્યા હોત.

હવે મને ખબર પડી રહી છે કે કદાચ મેં દિલ્હીની વીજળી અદાણીને ન આપી હોવાથી મને જેલમાં મોકલવામાં આવ્યો હતો. હું બે દિવસ પછી મોટો ખુલાસો કરીશ. હું તમને કહીશ કે ભાજપના લોકો ચૂંટણી કેવી રીતે જીતે છે? મારી પાસે પુરાવા અને સાક્ષીઓ પણ છે. હું તમને જણાવીશ કે તેઓ મહારાષ્ટ્રમાં ચૂંટણી કેવી રીતે જીત્યા?

### ફ્લાવર શો ખાતે નર્સરીના ૮ સ્ટોલ હશે

# AMCના ફ્લાવર શોનો ખર્ચ પ્રથમવાર ૨૦ કરોડ ઉપર પહોંચવાની ધારણા

**ફ્લાવર શોને આકર્ષક અને સફળ બનાવવા પહેલીવાર લાખો રૂપિયાની ફી ચૂકવીને કન્સલ્ટન્ટ નિમાયા**

નવી દિલ્હી, તા.૪

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનારા મ્યુનિ.ના ફ્લાવર શોને આકર્ષક અને સફળ બનાવવા માટે સૌપ્રથમવાર કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે તેમજ જાતજાતના સ્કલ્પ્ચર બનાવવા સહિતના કામો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે.મ્યુનિ. રિક્રિએશન કમિટીની બેઠક બાદ ચેરમેન જયેશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, રિવરળન્ટ ઉપર ફ્લાવર ગાર્ડન તથા ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનારા ફ્લાવર શોમાં કોમન સ્કલ્પ્ચર તથા આઈકોનિક સ્કલ્પ્ચર મુકાશે, જેના માટે ૩.૪૯ કરોડ તથા ૪.૧૪ કરોડના ટેન્ડર મંજૂર કરવામાં આવ્યા છે.આ સિવાય ફ્લાવર શો ખાતે વિવિધ રંગોના સિઝનલ ફ્લાવર સપ્લાય કરવાનુ ૩.૭૦ કરોડનું ટેન્ડર પણ મંજૂર કરવામાં આવ્યુ છે. આ વખતે ફ્લાવર શો પાછળ કેટલો ખર્ચ થશે તેવા સવાલના જવાબમાં તેમણે ૧૫-૧૭ કરોડનો ખર્ચ થવાનો અંદાજ વ્યકત કર્યો હતો.

પરંતુ મ્યુનિ. ગાર્ડન ખાતાએ ૧૭ કરોડના કામોના ટેન્ડર બહાર પાડ્યા છે અને તે સિવાય અન્ય ખર્ચા ગણવામાં આવે તો ફ્લાવર શોનો ખર્ચ ૨૦ કરોડ ઉપર પહોંચવાની ધારણા સેવાઈ રહી છે.

ચેરમેને વધુમાં જણાવ્યું હતું કે, ફ્લાવર શો ખાતે નર્સરીના ૮ સ્ટોલ, અન્ય ચીજવસ્તુના ૬ તથા ખાણીપીણીના ૧૫ સ્ટોલ ભાડે આપવામાં આવ્યા છે, જેની બે કરોડ જેટલી આવક થશે. જોકે બગીચા ખાતાના સૂત્રોના જણાવ્યા અનુસાર, બગીચા ખાતાના વર્ષો જુના સિનિયર અધિકારીના રાજીનામા બાદ બગીચા ખાતામાં અરાજકતા જેવી સ્થિતિ સર્જાઇ છે.

### સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ હાઈકોર્ટને સખત ઠપકો આપ્યો

# કાશ પુરુષોને પણ પિરિયડ્સ આવતા': SCએ હાઈકોર્ટના નિર્ણય પર કેમ કરી આવી ટિપ્પણી?

**ન્યાયાધીશો માનસિક અને શારીરિક રીતે પીડાતા હોય ત્યારે કેસના નિકાલનું કોઈ ધોરણ હોઈ શકે નહીં**

ભોપાલ,તા.૪

રાજ્યમાં મહિલા સિવિલ જજોની સેવાઓ સમાપ્ત કરવા અને તેમને પુનઃસ્થાપિત કરવાનો ઈનકાર કરવા બદલ સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ હાઈકોર્ટને સખત ઠપકો આપ્યો છે. કેસની સુનાવણી કરતી વખતે જસ્ટિસ બી.વી. નાગરથનાએ આકરી ટિપ્પણી કરી હતી કે જો પુરુષોને માસિક ધર્મ(પિરિયડ્સ) હોત તો તેઓ સમજી ગયા હોત. તેમની અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહની બનેલી બે જજની બેંચે કહ્યું કે જ્યારે ન્યાયાધીશો માનસિક અને શારીરિક રીતે પીડાતા હોય ત્યારે કેસના નિકાલનું કોઈ ધોરણ હોઈ શકે નહીં. જાન્યુઆરીમાં, સર્વોચ્ચ અદાલતે ૨૦૨૩ માં મધ્ય પ્રદેશ સરકાર દ્વારા ૬ ન્યાયાધીશોની બરતરફી અંગે સ્વ-મોટો સંજ્ઞા લીધી હતી.બેન્ચ મંગળવારે જજ અદિતિ શર્માના કેસની સુનાવણી કરી રહી હતી. ખંડપીઠે ૨૦૧૯ માં તેમની નિમણૂક પછીના તેમના કામ વિશે આપવામાં આવેલા અહેવાલનો ઉલ્લેખ કર્યો. ખંડપીઠે અવલોકન કર્યું હતું કે તેમના ચાર વર્ષની સેવા દરમિયાન, તેમને હંમેશા સારી કાર્યક્ષમતા ધરાવતા ન્યાયિક અધિકારી તરીકે રેટિંગ આપવામાં આવ્યું હતું અને તેમના ચુકાદાઓ અને આદેશો ઈમાનદારીથી આપ્યા હતા. બેંચને કહેવામાં આવ્યું હતું કે જજ અદિતિ શર્માને કસુવાવડ થઈ હતી અને તેમનો કોવિડ ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. તેમની સેવા દરમિયાન તેમના ભાઈને પણ કેન્સર હોવાનું નિદાન થયું હતું. ખંડપીઠે કહ્યું હતું કે ન્યાયાધીશ પાસે આમ કરવાની ક્ષમતા હોવા છતાં તેમને સુધારાની તક આપવામાં આવી નથી. જસ્ટિસ નાગરથનાએ કહ્યું કે 'બરતરફ-બરતરફ' કહેવું અને ઘરે જવું ખૂબ જ સરળ છે. અમે આ મામલે વિગતવાર સુનાવણી પણ કરી રહ્યા છીએ. વકીલો કહી શકે કે 'અમે ધીમા છીએ.' વહીવટી સમિતિને પ્રોબેશન સમયગાળા દરમિયાન અને હાઈકોર્ટના ન્યાયાધીશોની ફુલ-કોર્ટની બેઠકને પગલે તેમની કામગીરી અસંતોષકારક જણાતાં કાયદા વિભાગ દ્વારા ન્યાયાધીશોને બરતરફ કરવામાં આવ્યા હતા. જુલાઈ ૨૦૨૪ માં, બેન્ચે મધ્યપ્રદેશ હાઈકોર્ટને અસરગ્રસ્ત જજની રજૂઆત પર એક મહિનાની અંદર ન્યાયાધીશોની નોકરી સમાપ્ત કરવાના નિર્ણય પર પુનર્વિચાર કરવા જણાવ્યું હતું.

# અમરેલીનાં ગજેરા કેમ્પસના ખેલાડીનું SGFI સ્ટેટ લેવલ એથ્લેટિક્સમાં ચેમ્પિયન બની નેશનલ લેવલે સિલેક્શન










અમરેલી તારીખ ૯ થી ૧૫ નવેમ્બરના રોજ શાળાકીય રમતોત્સવ SGFI સ્ટેટ લેવલ એથ્લેટિકસ યુ–૧૭ ભાઈઓ–બહેનો ચેમ્પિયશિપ ૨૦૨૪નું આયોજન ગોધરા સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ મુકામે યોજાયેલ. તેમાં સ્ટેટ વિવિધ શાળાઓમાંથી બહોળી સંખ્યામાં ખેલાડીઓએ પાર્ટિસિપેશન કરેલ હતું જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના ખખેલાડીઓ એથ્લેટિકસ રમતમાં કવોલિફાઈ થઈ નેશનલ કક્ષાએ સિલેકશા થયું. ખેલાડીઓમાં (૧) વાઘેલા દર્શન ૧૦૦મીટર દોડ ગોલ્ડ મેડલ, (૨) લકુમ હાર્વીન ૮૦૦મીટર દોડ ગોલ્ડ મેડલ, (૩) નકુમ માર્ગી ૪૦૦મીટર દોડ ગોલ્ડ મેડલ, (૪) ભુરીયા આકાશ ૨૦૦મીટર દોડ સિલ્વર મેડલ, (૫) સાટીયા યશ ઉંચી કુદ સિલ્વર મેડલ, (૬) નકુમ માર્ગી ૨૦૦મીટર દોડ સિલ્વર મેડલ, (૭) પ્રિયા આકાશ ૧૦૦મીટર દોડ બ્રોન્ઝ મેડલ, (૮) 4*400મીટર રીલે દોડમાં યુ–૧૭ ગર્લ્સ બ્રોન્ઝ મેડલ સાથે નકુમ માર્ગી, સોલંકી નિરાલી, મકવાણા પ્રીતિ, ગોહિલ નયના, (૯) 4*400મીટર રીલે દોડ યુ–૧૭ ભાઈઓ ગોલ્ડ મેડલ મેળવેલ ભુરીયા આકાશ, વાઘેલા દર્શન, તાવ્યા કેવલ, લકુમ હાર્વીન, (૧૦) 4*400મીટર રીલે દોડમાં વાઘેલા ચાંદની યુ–૧૭ ગર્લ્સ સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ, મેડલ મેળવેલ એથ્લેટિકસમાં SGFI યુ–૧૭ ભાઈઓ–બહેનો નેશનલ માટે લખનવ ખાતે પાર્ટિસિપેશન કરશે જેમાં (૧) વાઘેલા દર્શન ૪૦૦ મીટર દોડ (૨) લકુમ હાર્વીન ૮૦૦મીટર દોડ (૩) નકુમ માર્ગી ૪૦૦મીટર દોડ પાર્ટીશીપેશન કરશે. અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ ભૂરિયા રતનસિંહ તેમજ ટ્રેનર વૈસાલીબેન પટોળિયા, પુજાબેન બામણીયાને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### પ્રાકૃતિક ખેતીની જતુંનાશક દવા એટલે નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિ અસ્ત્ર

# ચૂસિયા પ્રકારની અને મોટી જીવાતો, નાની ઈયળો, કીટકોથી પાક સંરક્ષિત રાખવા પ્રાકૃતિક 'અસ્ત્રો'નો પ્રયોગ કારગર

## ઓછાં ખર્ચે અને પ્રાકૃતિક પદાર્થોથી ઘરબેઠાં તૈયાર થતી દવાઓ છે કુદરતની કમાલ

અમરેલી, તા. ૪

પ્રાકૃતિક ખેતીની જતુંનાશક દવા એટલે નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને અગ્નિ અસ્ત્ર. આ પ્રાકૃતિક શસ્ત્રોના ઉપયોગથી, ચૂસિયા પ્રકારની અને મોટી જીવાતો, નાની ઈયળો, કીટકો વગેરેથી પાકને સંરક્ષિત રાખી શકાય છે. ખેડૂતો પ્રાકૃતિક પદાર્થોથી તૈયાર થતી આ દવાઓ ઓછાં ખર્ચે અને ઘરબેઠાં તૈયાર કરી શકે છે.

રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુકત બનાવવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે. ઝેરયુકત રસાયણિક ખાતરોના ઉપોયગ વગર દેશી ગાયના છાણ અને ગૌમૂત્રની સાથે સાથે પ્રાકૃતિક પદાર્થો યુકત દવાઓના ઉપયોગવાળી કૃષિ કરી અને ખેત ઉપજ વધી શકે છે અને તે સાથે ખર્ચમાં ઘટાડો થાય છે.

પ્રાકૃતિક ખેતીમાં જેમ ખાતરની દવાઓ બની શકે છે તેમ પ્રાકૃતિક પદાર્થોની મદદથી ઘરબેઠાં રાસાયણિક દવાઓના વિકલ્પ જાતે બનાવી શકાય છે. નજીવા ખર્ચે બનતી આ દવાઓ લગભગ વિનામૂલ્યે તૈયાર થઈ શકે છે. થોડી મહેનત થકી આ દવાઓ તૈયાર થઈ શકે અને ખેતરમાં હોય તે ઉભા પાકને જીવાતોથી બચાવી શકે છે. પ્રાકૃતિક ખેતીના અસ્ત્રો નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અને અગ્નિઅસ્ત્ર દ્વારા જીવાતોનું સંકિલત વ્યવસ્થાપન કરી શકાય છે.

(૦૧) નિમાસ્ત્ર (ચૂસિયા પ્રકારની જીવાતો અને નાની ઈયળોના નિયંત્રણ માટે): ૨૦૦ લીટર પાણી + ૧૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૨ કિલોગ્રામ દેશી ગાયનું છાણ + ૧૦ કિગ્રા કડવા લીમડાના નાના પાંદડા, કુમળી ડાળીઓ અથવા ૨૦ થી ૩૦ કિલો લીંબોડી ખાંડીને આ મિશ્રણને કોથળાથી ઢાંકી ૪૮ કલાક છાંયડામાં રાખી સવાર સાંજ ૫–૫ મિનિટ માટે ઘડિયાળનાં કાંટાની દિશામાં હલાવવું ત્યારબાદ કપડાથી ગાળીને તેનો ઉપયોગ કરવો.

**સંગ્રહ ક્ષમતા :** ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

**છંટકાવ :** પ્રતિ એકર ૨૦૦ લીટર ફકત નિમાસ્ત્ર પાણી ભેળવવાનું નથી, પાળી ભેળવ્યા વગર સીધો જ છંટકાવ કરવો.

(૦૨) બ્રહ્માસ્ત્ર (કીટકો, મોટી જીવાતો અને ઈયળો માટે): ૨૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી + ૨ કિલોગ્રામ કરંજના પાનની ચટણી + કિલોગ્રામ સીતાફળના પાનની ચટણી + ૨ કિલોગ્રામ એરંડાના પાનની ચટણી + ૨ કિગ્રા ધતુરાના પાનની ચટણી + ૨ કિલોગ્રામ બીલીપત્રના પાનની ચટણી આ પૈકી કોઈપણ પાંચ જાતની ચટણી લઈ આ મિશ્રણને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરીને ઠંડુ પડવા દેવું. ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર–સાંજ ૫–૫ મિનિટ ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાથી ગાળીને ઉપયોગ કરવો.

**સંગ્રહ ક્ષમતા :** ૦૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

**છંટકાવ :** પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લીટર પાણી + ૬ થી ૮ લીટર તા: ૬ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય.

(૦૩) અગ્નિઅસ્ત્ર (વૃક્ષના થડ અથવા દાંડીઓમાં રહેતાં કીટકો, કળીઓમાં રહેતી જીવાતો, ફળોમાં રહેતી જીવાતો, કપાસના કાલામાં રહેતી જીવાતો તેમજ બધા પ્રકારની મોટી જીવાતો અને ઈયળો માટે) રીત : ૨૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૨ કિલોગ્રામ કડવા લીમડાના પાનની ચટણી + ૫૦૦ ગ્રામ તીખા મરચા ચટણી + ૨૫૦ ગ્રામ દેશી લસણની ચટણી + ૫૦૦ ગ્રામ તમાકુનો પાવડર + ૫૦૦ ગ્રામ આદુની ચટણી, આ મિશ્રણને ઓગાળીને ઢાંકી ધીમા તાપે એક ઉભરો આવે ત્યાં સુધી ગરમ કરી ઠંડું પડવા દેવું ત્યારબાદ ૨ દિવસ સુધી સવાર–સાંજ ૫–૫ મિનિટ માટે ઘડિયાળના કાંટાની દિશામાં હલાવવું પછી કપડાંથી ગાળીને ઉપયોગ કરવો.

**સંગ્રહ ક્ષમતા :** ૩ મહિના સુધી ઉપયોગમાં લઈ શકાય. છંટકાવ: પ્રતિ એકર ૧૦૦ થી ૨૦૦ લીટર પાણી + ૧ ની ૮ લીટર અગ્નિઅસ્ત્રનો છંટકાવ કરવો. આમ, પાક સંરક્ષણના આ ઉપાયો દ્વારા ખેડૂતો પ્રાકૃતિક રીતે દવાઓ બનાવી અને તેનો છંટકાવ કરી શકે છે અને રાસાયણિક દવાઓથી થતી સંભવિત આડઅસરોથી જમીનને અને પાકને સંરક્ષિત રાખી શકે છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લા પંચાયતનાં સદસ્ય**

મનસુખભાઈ મનજીભાઈ વેકરીયા તેમજ સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતા શરદભાઈ નાનાભાઈ ગોદાણીએ અવાર નવાર વારાફરતી મનસુખભાઈ નનુભાઈ વાઘમશીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મરી જવા મજબુર કરતા જે માનસિક ત્રાસના લીધે મરણ જનારે સાવરકુંડલા કોર્ટમાં પોતાની જાતે ઝેરી દવા પી આપઘાત કરી લીધાની ફરિયાદ ગુણવંતભાઈ નનુભાઈ વાઘમશીએ સાવરકુંડલા પોલીસમાં નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું **કુંકાવાવ મોટી–વેરાવળ–અમદાવાદ તેમજ**

ટ્રેન ચાલુ હોય તો ફેમીલી સાથે મુસાફરી સરળતાથી ફરી શકાય અને પૈસાનો અને સમયનો બચાવ થઈ શકે તેમજ સરકારએ ગેજપરીવર્તન કરેલ સુવિધાની ખુબ સારા પ્રમાણમાં અને વ્યવસ્થિત ઉપયોગ જનતા ફરી શકે. આ તમામ મુદાઓને ધ્યાને લઈ વહેલામાં વહેલી તકે અમરેલી જિલ્લાને ઉપકરોત સેવા લાભ મળે. તેમજ ભાવનગર–ઓખા પહેલા જે ટ્રેઈન ચાલુ હતી તે ટ્રેઈન ફરીથી ચાલુ કરવામાં આવે જેથી ''યાત્રાધામ'' ''દ્વારકા''ની સગવડ ફરી અમરેલી જિલ્લાને મળી શકે.

આ ટ્રેનો ચાલુ ન હોવાથી જનતાને ટ્રાવેલ્સનો અને અન્ય ખાનગી વાહનોનો સહારો લેવો પડતો હોય જેથી આવા વાહન માલિકો ભાડામાં પણ ત્રણ ગયો વધારો કરી નાખે છે. અને નિઃસહાય પબ્લીકને તેના ભોગ બનવું પડે છે. અશકત અને વૃધ્ધ માણસોને રેલ્વેની મુસાફરી ખુબ જ શાંતી મળી રહે છે. તો ઉપકરોત રજૂઆતોને ધ્યાને લઈ યોગ્ય કરવા અતંમાં માંગ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં**

શાળા શરૂ કરી દેવામાં આવી રહી છે. છતાં પણ શિક્ષણ વિભાગનાં અધિકારીઓ લાજ કાઢીને બેસી રહે છે.

તેવી જ રીતે અમરેલીની અનેક હોસ્પિટલમાં પણ અમુક તબીબો બિનજરૂરી દવાઓ લખી આપે કે દર્દીઓને બનજરૂરી રીપોર્ટ કરવા મજબુર કરીને તેમાંથી તગડુ કમિશન મેળવતા હોવાનુ તેમજ અમુક તબીબોએ તો દવાની ફેકટરી શરૂ કરીને તેમાં બનતી દવા જ દર્દીઓને લખી આપે અને ૫૦૦ થી ૧૦૦૦ ટકા સુધીનો નફો મેળવતા હોવાનુ પણ ચર્ચાઈ રહયું છે.

તાજેતરમાં અમદાવાદની ખ્યાતી હોસ્પિટલ દ્વારા આયુષ્યમાન કાર્ડનો જે રીતે દુરૂપયોગ કરીને કરોડો રૂપિયા ઘર ભેગા કરવામાં આવ્યા તેવી જ રીતે અમરેલીમાં પણ બે થી ત્રણ હોસ્પિટલ પણ આ માર્ગે ચાલી રહયાનું ચર્ચાઈ રહયું હોય આરોગ્ય અધિકારીઓ જનહિતમાં કોઈની પણ શેહશરમ રાખ્યા વગર નિયમ વિરૂધ્ધ ધમધમતાં કિલનિક કે હોસ્પિટલની ચકાસણી કરે તેવી માંગ જનતા જનાર્દન માંથી ઉભી થઈ છે.

### પત્નીએ પોલીસમાં નોંધાવી ફરિયાદ

# કપિલ શર્માનો કોમેડિયન મિત્ર સુનીલ પાલ અચાનક થયો લાપતા

## ચિંતિત હોવાને કારણે સુનીલ પાલના ગુમ થવાની ફરિયાદ મુંબઈના પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે

મુંબઈ, તા. ૪

દુનિયામાં કોમેડીના માસ્ટર્સની વાત કરીએ તો તેમાં કપિલ શર્માના મિત્ર કોમેડિયન સુનીલ પાલનું નામ ચોક્કસથી સામેલ થશે. પરંતુ આ સમયે સુનીલ વિશે ખૂબ જ ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. કોમેડિન લાંબા સમયથી ગુમ છે અને તેના વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. સુનિલ પાલ લાપતા થયાની સુનિલ પાલની પત્નીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.સુનીલ પાલને કોમેડીનો બેતાજ બાદશાહ તરીકે ઓળખવામાં આવે છે. હાલમાં તેના વિશે એક સમાચાર સામે આવી રહ્યા છે, જે તેના ફેન્સનું ટેન્શન વધારી શકે છે. સમાચાર છે કે સુનીલ અચાનક ગાયબ થઈ ગયો છે, કોમેડિયન વિશે કોઈ સુરાગ નથી મળી રહ્યો. તેની પત્ની સરિતા સુનીલ પાલ કલાકો સુધી તેનો ફોન અજમાવી રહી છે, પરંતુ કોઈ જવાબ નથી મળી રહ્યો.ચિંતિત હોવાને કારણે સુનીલ પાલના ગુમ થવાની ફરિયાદ મુંબઈના પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે. આ મામલો સામે આવ્યા બાદ મનોરંજન જગતમાં ખળભળાટ મચી ગયો છે.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ – જાફરાબાદની કોર્ટમાં**

જન્મ–મરણ અરજી નં. ૨૨૯/૨૦૨૪

**અરજદાર :** શ્રી રામજીભાઈ લાખાભાઈ બારૈયા
સરનામું : મું.કોળીવાડા, જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી–જાફરાબાદ, મું. જાફરાબાદ, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના **શ્રી રામજીભાઈ લાખાભાઈ બારૈયા** એ તેમના (૧) **ફુઈ નામે શ્રી જીવીબેન જીવાભાઈ બારૈયાનું મરણ તા. ૦૮/૧૧/૨૦૦૮ (૨) ફુઈ નામે શ્રી કડવીબેન જીવાભાઈ બારૈયાનું મરણ તા. ૧૨/૦૨/૧૯૭૨** ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમનાં વકીલ **શ્રી મહેશભાઈ જે. બારૈયા મારફત** અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :– જાફરાબાદ**
**તારીખ :– ૨૯/૧૧/૨૦૨૪**

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ જાફરાબાદ**

## જાહેર નોટિસ

આથી આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે ચકકરગઢ રોડ રસ્તે આવેલ રે.સ.નં. ૫૨૪/૩ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ ''અંજની પાર્ક''નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૬૨ પૈકી, ૬૩ પૈકીની જમીન ચો.મી. ૫૦–૨૫ વાળી મિલ્કત હાલનાં ધારણકર્તા (૧) આરતીબેન પ્રતિકગીરી ગોસાઈ (૨) પ્રતિકગીરી હિંમતગીરી ગોસાઈ સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ રજૂ કરેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખમાં સંબંધિત કુલમુખત્યારનામુ અથવા તેની નકલ મળી આવતી નથી. અને ગેરવલ્લે થયેલ છે. તેવી રજૂઆત હાલના માલીક (૧) આરતીબેન પ્રતિકગીરી ગોસાઈ (૨) પ્રતિકગીરી હિંમતગીરી ગોસાઈ તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

(૧) બાબુભાઈ અરજણભાઈ ધાનાણીના કુલમુખત્યાર રમેશભાઈ શામજીભાઈ સાવલીયાએ તા. ૩૧/૦૭/૨૦૦૯ના દસ્તાવેજ નં. ૧૮૩૬ (નવો નં. ૧૭૦૭ તા. ૧૫/૦૫/૨૦૧૦) માં કરી આપેલ લેખ સબંધેનુ કુલમુખત્યારનામુ (૨) ભાનુબેન રમેશભાઈ સાવલીયાના કુલમુખત્યાર રમેશભાઈ શામજીભાઈ સાવલીયાએ તા. ૦૩/૦૪/૨૦૧૦ના દસ્તાવેજ નં. ૧૧૮૩માં કરી આપેલ લેખ સંબધેનુ કુલમુખત્યારનામુ

સબબ ઉપકરોત લેખ સંબધે તથા કુલમુખત્યારનામા અન્વયે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૩માં અમો નીચે સહી કરનાર પાસે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહીં. જેની નોંધ લેશો.

તા. ૦૪/૧૨/૨૦૨૪
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩ સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી.
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૪ | ૧૪૯૯ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૩૫ | ૬૩૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૨૩૫ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૭૦ | ૧૨૩૦ |
| ૩ | શિંગ મોટી | ૮૧૦ | ૧૨૭૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૯૭૫ |
| ૬ | તલ કાળા | ૩૫૦૦ | ૪૫૪૧ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૨૦ | ૩૩૦૦ |
| ૮ | બાજરો | ૪૩૬ | ૬૧૩ |
| ૯ | જુવાર | ૪૨૧ | ૭૭૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૭૧૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૪૩ |
| ૧૨ | મગ | ૮૦૦ | ૧૫૯૯ |
| ૧૩ | અડદ | ૭૦૦ | ૧૪૪૦ |
| ૧૪ | ચણા | ૯૫૪ | ૧૪૩૦ |
| ૧૫ | કપાસ | ૮૨૦ | ૧૪૬૬ |
| ૧૬ | એરંડા | ૮૯૦ | ૧૨૧૯ |
| ૧૭ | જીરૂ | ૨૧૭૫ | ૪૮૪૦ |
| ૧૮ | ગમ ગુવાર | ૮૦૦ | ૮૧૫ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨૦ | મેથી | ૮૦૦ | ૧૧૧૫ |
| ૨૧ | સોયાબીન | ૬૦૦ | ૮૩૪ |
| ૨૨ | રજકા બી | ૩૫૦૦ | ૫૨૦૦ |
| ૨૩ | મરચા લાંબા | ૬૦૦ | ૨૭૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૫ | ૧૪૭૩ |
| ૨ | મગફળી | ૭૫૧ | ૧૧૦૧ |
| ૩ | ઘઉં | ૫૫૬ | ૫૯૯ |
| ૪ | ચણા | ૧૦૯૦ | ૧૨૩૨ |
| ૫ | ધાણા | ૧૨૫૦ | ૧૩૦૧ |
| ૬ | અડદ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૭ | સોયાબીન | ૬૫૦ | ૮૦૦ |
| ૮ | સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૦૧ |
| ૯ | એરંડા | ૧૧૩૭ | ૧૧૩૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૦૫૧ | ૧૧૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૪૦૦ |
| ૪ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૦૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૩ |
| ૬ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૪૦ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૭૦૦ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૮૦૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૧૨ | ધાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૨૦ | ૮૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૩૦ | ૧૩૫૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૧૧૯ | ૧૨૦૧ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૫૦ | ૧૦૫૦ |
| ૫ | અડદ | ૧૧૩૦ | ૧૪૦૦ |
| ૬ | ઘઉં | ૫૩૨ | ૬૧૮ |
| ૭ | તલ સફેદ | ૨૦૫૫ | ૨૩૦૫ |
| ૮ | જીરૂ | ૪૦૩૦ | ૪૪૧૦ |
| ૯ | સોયાબીન | ૭૮૧ | ૮૧૭ |
| ૧૦ | ચણા | ૧૧૩૫ | ૧૨૨૫ |
| ૧૧ | બાજરો | ૩૯૦ | ૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૯૭ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૧૨ |
| ૪ | જુવાર | ૭૦૧ | ૭૦૧ |
| ૫ | સોયાબીન | ૭૨૬ | ૭૫૨ |
| ૬ | મગફળી | ૭૫૧ | ૧૦૦૫ |
| ૭ | ચણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ૮ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૨૦ |
| ૯ | ધાણા | ૧૩૧૦ | ૧૪૨૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૪૫ | ૧૧૯૦ |
| ૧૨ | લસણ | ૩૪૫૦ | ૪૨૫૦ |
| ૧૩ | અડદ | ૮૬૦ | ૧૪૩૧ |
| ૧૪ | મકાઈ | ૩૫૦ | ૩૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૨ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૯૫૦ | ૧૧૩૯ |
| ૩ | ચણા | ૯૦૦ | ૯૦૦ |
| ૪ | સોયાબીન | ૭૮૬ | ૭૯૯ |
| ૫ | મેથી | ૯૭૫ | ૯૭૫ |
| ૬ | ઘઉં | ૫૪૫ | ૫૪૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૯૦ | ૧૧૫૫ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૩ | કપાસ | ૧૩૩૦ | ૧૪૪૦ |
| ૪ | બાજરો | ૫૩૫ | ૭૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૯૭ | ૬૬૧ |
| ૬ | જુવાર | ૪૫૧ | ૮૩૦ |
| ૭ | મકાઈ | ૬૦૧ | ૬૦૧ |
| ૮ | મગ | ૧૩૭૫ | ૨૧૨૧ |
| ૯ | મઠ | ૧૩૦૧ | ૧૩૨૬ |
| ૧૦ | અડદ | ૧૧૦૦ | ૧૪૧૪ |
| ૧૧ | ચણા | ૧૦૧૦ | ૧૨૪૦ |
| ૧૨ | સોયાબીન | ૭૫૦ | ૮૧૦ |
| ૧૩ | મેથી | ૮૫૧ | ૮૫૧ |

### ગુજરાતની જનતાને પર્યાવરણના ભોગે ઝેરી વિકાસ નથી જોઈતો

# “ચંદા દો ધંધા લો” સૂત્રને સાર્થક કરવા ગુજરાતમાં ‘વિકાસ’ના નામે પર્યાવરણનો વિનાશ : કોંગ્રેસ

### જીએચસીએલ કંપનીને ફાળવવામાં આવેલી જમીન તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે

અમદાવાદ, તા. ૪

એકતરફ સમગ્ર ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦ લાખથી વધુ ઝાડને કાપી નાખવા માટે અધિકૃત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલી છે અને બીજી તરફ સમગ્ર ગુજરાતમાં ગ્રીન કવર ઓછું થતું જાય છે. ત્યારે કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના બાડા તેમજ આજુ બાજુના ગામડાઓમાં સ્થાનિક લોકોની લાગણી અને માંગણી છે કે માંડવી તાલુકાના ૧૦ ગામડાઓના પર્યાવરણ અને દરિયાઈ જીવ–સૃષ્ટિ તેમજખેતીઅનેપશુપાલનનેસ્ત–નાબૂદ નાથાયતેહેતુથીજીએચસીએલકંપનીને જમીનઅનેઅન્યમંજૂરીઆપવામાંઆવે નહીં. જીએચસીએલ કંપની સામે સ્થાનિક સ્તરે આજુબાજુના બધા જ ગામડાઓની પ્રજામાં ખુબ વિરોધ છે. કોઈ પણ ગામને આ કંપની સ્વીકાર્ય નથી જેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

માંડવીમાં ગામડાઓમાં સમૃદ્ધઅનેસારીબાગાયતીઅનેવરસાદી એમ બેઉ પ્રકારની પ્રાકૃતિક ખેતી અને પશુપાલનના રોજગાર છે તેમજ ૪૦ કિલોમીટર પર મુંદ્રા બંદર છે જેમાં લોકો સારીએવીરોજગારીઅનેસ્થાનિકનાના મોટા વ્યવસાય મેળવે જ છે. આ કંપની આવવાથી સ્થાનિક લોકો માટે કોઈ નવી રોજગારી ઉભી નહીં થાય પરંતુ જે અત્યારે રોજગારી છે તે પણ છીનવાઈ જશે.

કંપનીની લોક સુનાવણી બાબતે એટલો મોટો વિરોધ અને લોકજુવાળ ઉપડયો હતો કે એક વખત લોક સુનવણી રદ કરવામાં આવી. ત્યારબાદ બીજી વખત કંપનીના પર્યાવરણ રિપોર્ટમાં અનેક અધુરપો હોવા છતાં જોહુકમી અને પોલીસ બળ દ્વારાબીજીવખતલોકસુનાવણીકરવામાં આવીજેમાં ૫૦૦૦થી વધુ લોકોએ પોત પોતાની રીતે વિરોધ નોંધાવેલ હતો.

વૈકલ્પિક દ્રષ્ટીએ જોતાં પણ માંડવી તાલુકો પર્યટન તરીકે વિકસે એવી કુદરતીસુંદરતાછે. તાજેતરમાં માંડવીમાં દરિયાકિનારાના ૨ બીચનો વિકાસ કરવા પહેલ થયેલી છે જેમાં એક માંડવી શહેર નજીકનો દરિયાકિનારો છે અને બીજો આસાર માતા (નાના લાયજા) નજીકનો બીચ (દરિયાકિનારો) છે. આસાર માતા બીચ આ કંપની પ્રસ્તાવિત જગ્યાની ૫કિ.મી. ત્રિજયામાં આવે છે તેથી જો કંપનીનું કારખાનું બનાવવામાં આવે તો પર્યટન માટે આ બીચ કોઈજ કામનો રહેશેનહિ.

આવિસ્તારમાં પહેલેથી કોઈ રસાયણ આધારિત ઉદ્યોગ નથી કે સોડાએસ બનાવવા માટેનો જરૂરી કાચો માલ આ તાલુકામાં મળી નથી આવતો. તેમ છતાં જીએચસીએલ કંપની સોડાએસ બનાવવા માટેનો પ્રોજેકટ નાખવાહિલચાલ કરીરહીછે. સોડાએસ બનાવવાની પ્રક્રિયા માટે લાઈમ સ્ટોન, મીઠું અને કોલસો જરૂરી છે જે આ તાલુકામાં ઉપલબ્ધ નથી.

કાચો માલ (લાઈમ સ્ટોન, મીઠું અને કોલસો) પરિવહન દ્વારા આ કારખાના માટે અહીં લઈ આવવામાં આવે તો તે પણ વચ્ચે આવતા બધા વિસ્તારો માટે પ્રદૂષણકારી અને જોખમી છે.

જીએચસીએલનો હાલમાં કાર્યરત સુત્રાપાડા વિસ્તારનો પ્લાન્ટ દરિયાઈ પર્યાવરણ અને ત્યાની ખેતીને ખુબજ નુકશાન કરી તદ્દન વિનાશના આરે લાવી દીધો છે, માંડવીના ગ્રામજનોએ નજરે જોઈ અને વિડીયોગ્રાફી કરી હતી જેમાં કંપનીની ફેકટરીના આજુબાજુના કિલોમીટરના વિસ્તારમાં ગાંડો બાવળ પણ ઉગતો બંધ થઈ ગયો છે અને ગટરોમાં ગેસ નીકળી રહ્યો છે તથા આજુબાજુના ગ્રામજનો કેન્સર જેવી બીમારીના ભોગ બન્યા છે વળી સુત્રાપાડામાં જીએચસીએલ કંપની ગુજરાત સરકારના જીપીસીબી બોર્ડની આપેલી નોટિસોની પણ સરેઆમ અવહેલના કરી રહી છે.

માંડવી તાલુકામાં જયાં જીએચસીએલ કંપનીને જમીન ફાળવવામાં આવી છે તે બાડા ગામની આસપાસની બધીજ જમીનો ખેતી માટે લાયક અને ઉપજાઉ છે તેમજ હવે તો નર્મદાના પાણી પણ ચાલુ થઈ ગયા છે. જીએચસીએલ કંપનીએ સરકારને ગેરમાર્ગે દોરીને કલમ ૮૦ ગ હેઠળ પ્રસ્તાવિત પ્લાન્ટની જગ્યા બિનઉપજાઉ બતાવેલી છે.

બાડા ગામમાં પ્રસ્તાવિત સોડાએસ કારખાના સામે ઉપર દર્શાવેલા સામાજીક, આર્થિક વાંધોઓ ઉપરાંત સ્થાનિકોનો મુખ્ય વિરોધ પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ (આબોહવા પરિવર્તન) અને ગ્લોબલ વાર્મિંગના મુદ્દા પર છે.

પર્યાવરણની દ્રષ્ટીએ કચ્છ અત્યંત નાજુક પર્યાવરણ ધરાવે છે અને અનેક પશુ પક્ષીઓની જાતિ પ્રજાતીઓનું ઘર છે. કચ્છમાં ઉદ્યોગો માટે કંડલા અને મુંદ્રા પોર્ટ પાસે પુરતી જમીન ઉપલબ્ધ છે અને જયાં ઘણા ઉદ્યોગ હાલમાં કાર્યરત્ત છે. આવા ઔદ્યોગીક માળખાવાળા વિસ્તારોને અવગણી અને બાડા નજીક કારખાનું નાંખવું એ પર્યાવરણ માટે અત્યંત ઘાતક અને દુર્ભાગ્ય પૂર્ણ ઘટના બનશે.

કચ્છમાં માંડવીથી અબડાસા સુધીનો દરિયાઈ વિસ્તાર જ પ્રદૂષણ મુકત રહ્યો છે. આ દરિયા કિનારા પર દરિયાઈ કાચબાની ૩ પ્રજાતીઓ (૧) ઓલિવ રીડલી, (૨) ગ્રીન સી અને (૩) લેધર બેક, તેના ઈંડા દેવા માટે ઉપયોગ કરે છે. સંવનન ઋતુમાં માંડવીથીપિંગળેર સુધીના દરિયાકિનારા પર અનેક માદાઓ ઈંડા મુકે છે તેમાં પણ બાડાનો દરિયો વધુ સાનુકુળ છે. કાચબાની આ પ્રજાતીઓ ભારત સરકારના પ્રાણી સંરક્ષણના શિડયુલ ૧ના પ્રાણીઓ છે અને એનડેન્જર્ડ સ્પેશિસ એટલે કે વિનાશના આરે હોય એવી પ્રજાતીઓ છે.

આ વરસે ૨૦૨૨/૨૩ માં બાડા, લાઈટ હાઉસ, સૂથરી વગેરે એમ કુલ ૬ જગાએ માદા કાચબાએ માળા બનાવી ઈંડા મુકેલ હતા જેનો વન વિભાગે રેકોર્ડ પર લઈ અને સુરક્ષિત ઉછેર કરેલા છે. આ વાતની પુષ્ટી સ્થાનિક વન વિભાગ અધિકારીઓએ કરેલ છે.

બાડાથી પિંગળેર સુધીનો વિસ્તાર માધવપૂર કાચબા ઉછેર કેન્દ્ર જેવો કેન્દ્ર બની શકે તેવો વિસ્તાર છે. સ્થાનિકોની માંગણી છેકે આ દરિયા કાંઠાને ઈકો સેંસેટિવ જોન જાહેર કરવો જોઈએ.

આખા ગુજરાતમાં મરીન સાયન્સના અભ્યાસ માટે ફકત કચ્છમાં માંડવી ખાતે સરકારી વિજ્ઞાન કોલેજ આવેલી છે જેમાં આખા ભારતના અલગ અલગ રાજયોમાંથી વિદ્યાર્થીઓ દરિયાઈ જીવોના અભ્યાસ માટે અહીં ભણવા આવે છે.

વિદ્યાર્થીઓ કુદરતી પ્રદૂષણ મુકત દરિયાઈ જીવ સૃષ્ટિનો અભ્યાસ કરી શકે તેના માટે આ કોલેજ માંડવીમાં બનાવવામાં આવી છે. જીએચસીએલ કંપની માંડવીના દરિયા કિનારાને પ્રદૂષિત કરશે તો તેની અસર આ કોલેજના આ હજારો વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડે તેમ છે.

બાડા ગામની આસપાસ આ કંપની વિસ્તારમાં ૫૦૦ થી વધુ રાષ્ટ્રીય પક્ષી મોરની વસાહતો છે અને સરકારના ફોરેસ્ટ વિભાગ દ્વારા રક્ષિત જાહેર કરેલા શિડયુલ ૧ના સરિસૃપો, પક્ષીઓ વગેરેની વસાહતો પ્રસ્તાવિત પ્લાન્ટની જગ્યા જે જૂના મોટા તળાવ તરીકે ઓળખાય છે ત્યાં છે. આ બધી હકીકતો જીએચસીએલ કંપનીએ પોતાના ઈઆઈએ રિપોર્ટ (ઈઆઈએ રિપોર્ટ) માં છુપાવેલી છે.

કંપનીએ જે સંસ્થા મારફત ઈઆઈએ રીપોર્ટ બનાવેલા છે તે નીરી સંસ્થાને દરિયાઈ કાંઠા વિસ્તારમાં આવા રિપોર્ટ બનાવવાની માન્યાતા (એક્રેડિસન સર્ટિ.) નથી. તેમ છતાં આવા માન્યાતા વગરના ખોટા રીપોર્ટ તૈયાર કરીને પબ્લિક હિયરિંગ (લોક સુનવણી) કરાવેલ છે. આ બાબતને લઈને ભારત સરકારના મંત્રાલય દ્વારા નિરી સંસ્થાને ૬ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવેલ હતી.

ભારતમાં છેલ્લી ગણતરી મુજબ ફકત ૪ ઘોરાડ પક્ષીઓ જ બચ્યા છે જે આ વિસ્તારમાં છે. સુપ્રીમ કોર્ટના વીજ લાઈનો અડંરગ્રાઉંડ કરવાના હુકમ મુજબ ઘોરાડ (બસ્ટર્ડ) પક્ષીના સંરક્ષણ માટે બાડા, બાંભડાઈ ગામના ઘાસિયા મેદાનો તેના હેબિટેટ એરિયામાં આવે છે અને આ વિસ્તારના ખેડૂતોને પક્ષીની સુરક્ષા માટે વીજળીના કનેકશનની લાઈનો આપવામાં આવતી નથી. ઘોરાડ પક્ષીના હેબીટેટનો પણ સર્વે કરેલો છે અને વખતો વખત આ પક્ષી આ વિસ્તારોમાં આવે છે. બાડા ગામ ઘોરાડ સેન્ચ્યુરીની નજીક આવેલું ગામ છે. બસ્ટર્ડ (ઘોરાડ) સેન્ચુરીની આટલી નજીકમાં એક અત્યંત મોટા કારખાનાને મંજૂરી આપવામાં આવે તો તેની ઘણી જ ગંભીર અસર ઘોરાડના સંરક્ષણ પર થશે.

વિસ્તર પર સૌથી ગંભીર સમસ્યા ગ્લોબલ વોર્મીંગ અને કલાઈમેન્ટ ચેન્જની છે. વૈજ્ઞાનીકોનું માનવું છેકે ગ્લોબલ વોર્મિંગના કારણે બિપરજોય જેવા ચક્રવાતની સંખ્યા વધી જશે અને માંડવી જેવા કાંઠાળ વિસ્તામાં હિજરત કરવાનો વારો આવશે. આ અસરો ઓછી કરવા ગ્રીન હાઉસ ગેસ ઉત્પન્ન કરનાર એકમો પર રોક લાગવી જરૂરી છે. જીએચસીએલ પણ ગ્રીન હાઉસ ગેસ પ્રોડયુસર કરનારા કંપનીઓમાંથી એક કંપની છે.

આખા માંડવીમાં ખેતી સરસ છે અને હવે નર્મદાના નીર મળવાને કારણે ઘણી વિકાસ પામેલ છે. ખેતીને કારણે અનેક વનસ્પતિ અને વૃક્ષો વાવવામાં આવે છે જે વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ જેવા ગ્રીન હાઉસ ગેસ ઓછા કરે છે અને ઓકસીજનની માત્રા વધારે છે. કંપની આવવાથી ખેતી પડી ભાંગશે અને વૃક્ષોનું નિકંદન નિકળી જશે અને ગ્રીન હાઉસ ગેસની માત્રા ધાર્યા કરતા પણ વધારે વધશે.

કાંઠા પટ્ટીના ગામડાઓ ઉપર રહેલા સેલ્ટર બેલ્ટના જંગલો અમને આવી કુદરતી આફતોથી રક્ષણ આપે છે, જેને જીએચસીએલ કંપની તેની પ્રસ્તાવીત યોજના મુજબ ટનલ નાખીને ખલેલ પહોંચાડવાની છે.

હાલમાં ગુજરાત સરકાર ચેરના વાવેતર માટે મોટાપાયે મૂડી રોકાણ કરેલો છે અને દેશમાં બંગાળ પછી બીજા નંબરે ચેરીયાના વિસ્તાર આપણા રાજયામાં આવેલા છે. બાડા ગામની નજીક નાડ તરીકે ઓળખાતો વિસ્તાર ચેરીયાના વાવેતર માટે અત્યંત અનુકૂળ, મોટો અને ખૂલો વિસ્તાર છે. અહીં અને આસપાસના બીજા ગામોના દરિયાઈ વિસ્તારમાં ચેરનો વાવેતર કરવામાં આવે તો બંગાળથી વધુ સારા ચેરીયાના જંગલ બનાવી શકાય જે રોજગારીની સાથે સાથે પર્યાવરણ સુધારશે અને કાંઠાળ વિસ્તારનું બિપરજોય જેવા વાવાઝોડાથી રક્ષણ પણ કરશે.

જીએચસીએલ એ બનાવેલા પર્યાવરણીય ઈ આઈ એ રીપોટ સરકારને તદ્દન ગેરમાર્ગે દોરે તેવા છે અને કોઈ પણ વિસ્તારનો અભ્યાસ કર્યા વગર બનાવેલા છે. સ્થાનિક, કોસ્ટલ ઝોન, ફોરેસ્ટ વગેરે કોઈજ ખાતાઓની કોઈ જ પરવાનગી કે સ્થાનિક લોકોના કોઈજ મંતવ્યો લીધેલા નથી.

બાડા તથા આજુબાજુના વિસ્તારોમાં ૧૦,૦૦૦ થી વધુ ગૌધન છે અને તેના ગૌચર માટે કંપનીને ફાળવાયેલ જમીનનો ઉપયોગ કરવામાં આવે છે. બાડા તથા આજુબાજુના પર્યાવરણ અને ખેતીથી સમૃદ્ધ હોવાથી વાર્ષિક ૨૦૦ કરોડથી વધારે ટર્ન ઓવર ધરાવે છે. આમ ગ્રામજનોને પર્યાવરણના ભોગે કોઈપણ પ્રકારની રોજગારીની જરૂર નથી અને આ કંપનીના આવવાથી ગૌચર તથા પર્યાવરણ નાશ પામવાથી ખેતીવાડી અને પશુપાલનને પણ નુકસાન થવાની સંભાવના રહેલી છે. કચ્છમાં વર્ષોથી મહાજનએ કચ્છ સંસ્કૃતિનો એક ભાગ છે અને કચ્છ મહાજનએ પણ ઉપરોકત પ્રોજેકટનો વિરોધ કરેલ છે.

બાડા ગામે ભારતીય સંસ્કૃતિ અને ભારતની વિરાસતનું જતન કરતી ગૌએન્કાજી દ્વારા સ્થાપિત વિપ્રસિદ્ધ વિપશ્યના સંસ્થા આવેલી છે. જયાં સમગ્ર દેશ અને વિમાંથી લોકો મનની શાંતિ માટે આવે છે અને સમગ્ર વિમાં ભારતની આધ્યાત્મિક છાપને વધુ મજબૂત કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ બાબતે પુસ્તક પણ લખેલ છે અને તેઓ દ્વારા કહેવામાં આવ્યું હતું કે ‘વિપશ્યના એ પ્રાચીન ભારતની અનોખી ભેટ છે અને આધુનિક વિજ્ઞાન પણ છે જેનો ઉપયોગ યુવાન અને વૃદ્ધ લોકોને તેમના જીવનમાં તણાવ અને તકલીફનો સામનો કરવામાં મદદ કરી શકે છે.’

ગુજરાત સરકાર દ્વારા જી.એચ. સી.એલ. ને જમીન ફાળવીને ‘શેઠની શિખામણ ઝાપા સુધી’ કહેવત સાર્થક કરીને મોદીજીને પણ અવગણ્યા હોય એમ લાગી રહ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પર્યાવરણ બચાવવાની આ મુહીમમાં સ્થાનિકોની સાથે છે અને સરકારને અનુરોધ કરે છે કે, કચ્છમાં ગૌધન, પશુપાલન, ખેતી, પર્યાવરણ અને વિપશ્યના સેન્ટરને નાબૂદ થતું અટકાવવા માટે જી.એચ.સી.એલ. કંપનીને ફાળવવામાં આવેલી જમીન તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે.

### શાળામાં વાલીઓએ તાળાબંધી કરીને વિરોધ દર્શાવ્યો

# રાયગઢ પાસે આવેલ રાયપુરની પ્રાથમિક શાળામાં વાલીઓ દ્વારા તાળાબંધી કરી દેવામાં આવી

### શાળાના શિક્ષકો દરરોજ કોઈના કોઈ વાત પર ઝઘડો કરી રહ્યા છે અને એની માનસિક અસર બાળકો પર પડી રહી છે

સાબરકાંઠા,તા.૪

સાબરકાંઠા જિલ્લાની એક શાળા કે જયાં સતત બીજા દિવસે પણ વાલીઓએ હંગામો કરી શાળાને તાળાબંધી કરી છે. અહીંયા કોઈ બાળક અભ્યાસ કરતું નથી અને વાલીઓ અડીખમ રીતે શિક્ષકોની બદલી ન થાય તે માટે રજૂઆત કરી રહ્યા છે. જેથી હાલ આ સમગ્ર મુદ્દો જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. સાથે જ લોકો વિચારમાં મુકાઈ ગયા છે.બનાવની જો વિગતવાર વાત કરીએ તો, હિંમતનગર તાલુકાના રાયગઢ પાસે આવેલ એક રાયપુર ગામની પ્રાથમિક શાળામાં વાલીઓએ તાળાબંધી કરીને વિરોધ દર્શાવ્યો છે. જેમાં વાલીઓ અને બાળકોનો આક્ષેપ છે કે, શાળાના શિક્ષકો દરરોજ કોઈના કોઈ વાત પર ઝઘડો કરી રહ્યા છે અને એની માનસિક અસર બાળકો પર પડી રહી છે.

શિક્ષકોની આ કરતૂતોને લઈને ગામ લોકોએ એકત્રિત થઈ શાળા ખાતે પહોંચી શાળાની તાળાબંધી કરી પરંતુ આ પ્રશ્ન આજનો કે કાલનો નથી છેલ્લા એક થી બે વર્ષનો છે તેવું વાલીઓ જણાવી રહ્યા છે. આક્ષેપ છે કે શિક્ષકો એકબીજા સાથે ભારે ઝઘડો કરે છે અને ગારા ગાળી કરી રહ્યા છે. જેથી વાલીઓના આક્ષેપોને લઈને આ લોકો પણ નવાઈ પામી ગયા છે.

આ સમગ્ર મામલાને લઈને ગઈ કાલે ગ્રામજનો અને વાલીઓએ શાળાની તાળાબંધી કરી હતી પરંતુ હાલની પરિસ્થિતિ એવી થઈ છે કે વાલીઓ બાળકોને શાળાએ મોકલવાનું ટાળી રહ્યા છે કારણ કે શિક્ષકો અંદરોઅંદર એટલી ખરાબ રીતે ઝઘડો કરે છે કે, બાળકો પર ખરાબ અસર થઈ રહી છે જેના વિરોધમાં શાળા બંધ કરવાની ગ્રામજનોને ફરજ પડી હતી. ત્યારે આજે આ સમગ્ર મામલે તાલુકા કક્ષાએથી અધિકારીઓ દોડી આવ્યા હતા અને સ્ટાફ સહિત ગ્રામજનોની વાતો પણ સાંભળી હતી.

ઉલ્લેખનીય છે કે હાલ આ સમગ્ર મામલે હવે તો ગામ આખું એક થયું છે. જયાં સુધી આ શાળાના શિક્ષકોની બદલી ન થાય ત્યાં સુધી શાળાને તાળાબંધી થશે તેનું પ્રણ લઈને બેઠા છે. ત્યારે આ સમગ્ર મામલે બાળકોનું શું થશે એ પણ એક તપાસનો વિષય છે. બીજી તરફ આ મુદ્દો જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે અને લોકો પણ નવાઈમાં મુકાઈ ગયા છે

### રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ

# ૬ અને ૭ ડિસેમ્બરે તમામ તાલુકા મથકોએ રવિ કૃષિ મહોત્સવ યોજાશે

### રવિ કૃષિ મહોત્સવમાં બે દિવસ દરમિયાન કૃષિ વૈજ્ઞાનિકો અને પ્રગતિશિલ ખેડૂતો વિવિધ વિષયો પર માર્ગદર્શન પૂરૂંપાડશે

અમદાવાદ,તા.૪

રાજય સરકાર દ્વારા ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રાજયનાં તમામ તાલુકાઓમાં આગામી તા.૦૬ ડિસેમ્બરથી ૦૭ ડિસેમ્બર-૨૦૨૪ દરમ્યાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ જિલ્લામાં તા. ૬ અને ૭ ડિસેમ્બરના રોજ બાવળા, દસ્ક્રોઈ, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા, માંડલ, સાણંદ અને વિરમગામ ખાતે રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રવિ કૃષિ મહોત્સવમાં બે દિવસ દરમ્યાન કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, પ્રગતિશિલ ખેડૂતોના વ્યકતવ્ય થકી ટકાઉ ખેતી પદ્ધતિ, પ્રાકૃતિક ખેતી, મિશ્ર પાક પદ્ધતિ, મિશ્ર ખેતી, ખેતી પાકોના મૂલ્યવર્ધન દ્વારા ખેડૂતોની આવકમાં વધારો અને મિલેટ્સની ખેતીને પ્રોત્સાહન જેવા વિષયો પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ખેડૂતોને મુંઝવતા પ્રશ્નોનું આદાન-પ્રદાન અને કૃષિ પ્રદર્શન સ્ટોલ થકી યોજનાકીય અને આધુનિક કૃષિ જેવી બાબતોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના મોડલ ફાર્મની મુલાકાત અને પશુપાલન વિભાગ દ્વારા પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના તમામ ખેડૂતોને આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ રવિ કૃષિ મહોત્સવમાં બહોળી સંખ્યામાં ભાગ લઈ ખેતી અને પશુપાલન સબંધિત બાબતે વધુમાં વધુ લાભ મેળવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### અમરેલીમાં એક ફિલ્મી ઘટના બની

# અમરેલીમાં ૪ વર્ષની ઉંમરે અપહરણ કરાયેલ બાળક ૨૪ વર્ષ બાદ તેના પરિવારને મળ્યો

### બે મહિના પહેલા તેણે પોરબંદરના એક યુટ્યુબરની મદદ લીધી હતી. જે બાદ તે તેના પરિવારને શોધવામાં સફળ રહ્યો હતો

અમરેલી,તા.૪

ગુજરાતના અમરેલીમાં એક ફિલ્મી ઘટના બની છે. અમરેલીમાં ૪ વર્ષની ઉંમરે અપહરણ કરાયેલ બાળક ૨૪ વર્ષ બાદ તેના પરિવાર સાથે મળી આવ્યો છે. જ્યારે આ બાળકનું અપહરણ થયું ત્યારે સમગ્ર ગુજરાતમાં તેની ચર્ચા થઈ હતી. સમગ્ર ગુજરાત પોલીસે બાળકને શોધવામાં ખાસ્સી જહેમત ઉઠાવી, પરંતુ બાળક મળ્યું ન હતું. માતા-પિતાએ પણ બાળકને શોધવાની આશા છોડી દીધી હતી.

બાળકનું અપહરણ થયાને ૨૪ વર્ષ વીતી ગયા હતા, જેના કારણે માતા-પિતાએ પણ પુત્ર પરત આવવાની આશા છોડી દીધી હતી. જોકે આટલા વર્ષો બાદ પરિવારને તેમનું બાળક પાછું મળ્યું છે. ઘટના એવી છે કે પ્રફુલ નામનો યુવક તેના માતા-પિતાની શોધમાં હરિયાણાથી ગુજરાત પહોંચ્યો હતો. હરિયાણામાં તેના પાલક માતા-પિતાના અવસાન પછી અને તેમનો વ્યવસાય બંધ થયા પછી, તે તેના વાસ્તવિક માતાપિતાની શોધમાં ગુજરાત આવ્યો.

તે બે વર્ષથી સુરતમાં રહેતો હતો અને તેના માતા-પિતાને શોધતો હતો. પરંતુ, તે તેના માતા-પિતાને મળ્યો ન હતો. જે બાદ બે મહિના પહેલા તેણે પોરબંદરના એક યુટ્યુબરની મદદ લીધી હતી. જે બાદ તે તેના પરિવારને શોધવામાં સફળ રહ્યો હતો.

વર્ષ ૨૦૦૨માં અમરેલીના મણિનગરમાં રહેતા જીતેન્દ્ર અઢિયાનો ૪ વર્ષનો પુત્ર નજીકમાં રહેતા તેના કાકાના ઘરે જવાની જીદ કરવા લાગ્યો હતો. કાકાનું ઘર થોડે દૂર હોવાથી માતાએ બાળકને ત્યાં એકલો મોકલી દીધો. જોકે, બાળકને મોકલ્યા બાદ તે ક્યારેય જોવા મળ્યો ન હતો.

આ ઘટના ૧૦ માર્ચ ૨૦૦૦ના રોજ બની હતી. રસ્તા પરથી કોઈએ બાળકનું અપહરણ કર્યું હતું. આ ઘટનાએ ગુજરાતમાં મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું.

સમગ્ર તંત્ર બાળકને શોધવામાં વ્યસ્ત હતું. શહેરમાં અનેક વિરોધ પ્રદર્શનો થયા, તપાસ માટે અનેક ટીમો બનાવવામાં આવી. જો કે બાળક મળ્યું ન હતું. જો કે બાળકનો હવે પુખ્ત બની ગયેલા વ્યક્તિનો ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે.

### વડાપ્રધાનને નેચરલ ડાયમંડ “નવભારત રત્ન” અર્પણ કરાયો

### સુરતની હીરા કંપનીના માલિક અને રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાએ ભારતના નકશાના આકારનો હીરો તૈયાર કરીને નવભારત રત્ન તરીકે અનોખી ભેટ આપી

સુરત,તા.૪

નવાભારતના નિર્માણનું સ્વપ્ન જોનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સુરતની હીરા કંપનીના માલિક અને રાજયસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાએ ભારતના નકશાના આકારનો હીરો તૈયાર કરીને નવભારત રત્ન તરીકે અનોખી ભેટ આપી હતી. ભારતની એકતા, સૌંદર્ય અને સમૃદ્ધિના પ્રતિક તરીકે તૈયાર કરાયેલા આ ૨.૧૨૦ કેરેટની શ્રેષ્ઠ કૃતિ તેમની જ હીરા કંપનીમાં રત્નકલાકારોએ ખૂબ ઝીણવટપૂર્વક તૈયાર કરી છે.

મંગળવારે ગોવિંદ ધોળકિયાએ વડાપ્રધઆન નરેન્દ્ર મોદીને આ ભેટ આપી હતી. તેમણે એક નિવેદનમાં કહ્યું હતું કે, આ અનોખા હીરાને તૈયાર કરવા માટે તેમની કંપનીમાં રત્નકલાકારોએ લગભગ ૩૭૦૦ મિનિટની મહેનત અને ઉત્તમ કલાકારીનો ઉપયોગ કરીને આ હીરો તૈયાર કર્યો છએ. આ માત્ર કુદરતી હીરો જ નથી પરંતુ તે રાષ્ટ્રની સમૃદ્ધિ અને ભારતના તેજસ્વી ભાવિને વર્ણવતું પ્રતિક છે.“નવભારત રત્ન” હીરા તરીકે નેચરલ ડાયમંડ તૈયાર કરવા પાછળની કારીગરી રાજેશ કાછડિયા અને વિશાલ ઈટાલિયા જેવા હીરાના કારીગરો (રત્નકલાકારો)ની કુશળતાએ મહત્ત્વનું યોગદાન આપ્યુ છે.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અવસાન નોંધ

સાવરકુંડલાના સૂફીસંત અલ્હાઝ સરકાર સૈયદ દાદાબાપુ કાદરી ફાતેમી રહેમતુલ્લાહ અલયહના અહેલીયા સૈયદા પીરાની અમ્મામાં સાહેબા હાજીયાણી કુલસુમમાં (કુલુમાં) ઉ.વ૬૮, રહેમતુલ્લાહી અલયહાનું વિશાલ થયેલ છે. માં સાહેબના જનાઝા ને અવ્વલ મંજિલે તા. ૦૫/૧૨/૨૦૨૪ ને ગુરૂવારે સવારે ૧૦:૦૦ કલાકે નવા કબ્રસ્તાન ખાતે ખાનકાહે બાગેરહેમતથી નમાજે જનાઝામાં માટે નવા કબ્રસ્તાને લઈ જવામાં આવશે દરેક ચાહવાવાળા શરીફ થઈને સવાબના હકકદાર બનશો તેમ સૈયદ અહમદમુનીર બાપુ પીર સૈયદ મહંમદ (દાદાબાપુ) કાદરી ફાતેમીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ગૌણ સેવાને મળ્યા નવા ચેરમેન

# તુષાર ધોળકિયાને ગુજરાત ગૌણ સેવા પસંદગીના ચેરમેન બનાવ્યા

### પહેલા ગૌણ સેવાનો વધારાનો ચાર્જ આઈએએસ અધિકારી કમલ દાયાણી પાસે હતો

ગાંધીનગર,તા.૪

રાજ્ય સરકાર દ્વારા કેટલાક **IAS** અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્ય સરકારે એક અખબારી યાદી જાહેર કરી અધિકારીઓની બદલીની માહિતી આપી છે. રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ બોર્ડને નવા ચેરમેન મળ્યા છે. તો રાજકોટના મ્યુનિસિપલ કમિશનરની પણ બદલી કરવામાં આવી છે.

રાજ્ય સરકારે તુષાર ધોળકિયાને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંગળના ચેરમેન બનાવ્યા છે. પહેલા ગૌણ સેવાનો વધારાનો ચાર્જ આઈએએસ અધિકારી કમલ દાયાણી પાસે હતો. હવે સરકારે આ પદ પર તુષાર ધોળકિયાની વરણી કરી છે. રાજકોયના મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈની પણ બદલી કરવામાં આવી છે. જ્યારે તુષાર દલપતભાઈ સુમેરાને રાજકોટના નવા કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે ડીપી દેસાઈની રાજકોટથી બદલી કરી અમદાવાદ ઔડાના સીઈઓ બનાવવામાં આવ્યા છે. તુષાર સુમેરા વર્તમાનમાં ભરૂચના કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યાં હતા, હવે તેમને રાજકોટના મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે ગૌરાંગ એસ મકવાણાની બદલી કરી તેમને ભરૂચના કલેક્ટર બનાવવામાં આવ્યા છે.


# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ૭ ડિસેમ્બરે એક દિવસના ગુજરાત પ્રવાસે

### ૭ ડિસેમ્બરના રોજ ત્રણ કાર્યક્રમની અંદર અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. હોસ્પિટલના લોકાર્પણમાં આપશે હાજરી

અમદાવાદ,તા.૪

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનો વધુ એક દિવસના પ્રવાસનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે. જે અંતર્ગત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ શુક્રવારે મોડી રાત્રે અમદાવાદ પધારશે અને શનિવાર એટલે કે ૭ ડિસેમ્બરના રોજ ત્રણ કાર્યક્રમની અંદર અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે.

હોસ્પિટલના લોકાર્પણમાં આપશે હાજરી જેમાં સૌ પ્રથમ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાત



ડિસેમ્બરના રોજ સિંધુ ભવન રોડ પર આવેલ અને બોડકદેવ ખાતે તૈયાર થયેલી ગ્લોબલ હોસ્પિટલ ના લોકાર્પણ પ્રસંગમાં હાજરી આપશે. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું અમિત શાહ અમદાવાદ વાસીઓને ભેટ આપશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જે હોસ્પિટલનું લોકાર્પણ કરશે તેમાં ગેસ્ટ્રોલોજી, કાર્ડિયોલોજી, પ્લાસ્ટિક સર્જરી, રેડિયોલોજી, ડેન્ટલ અને પેથોલોજી સહિતની સુવિધા પૂરી પાડતી હોસ્પિટલ છે.

અમરેલીની પ્રખ્યાત ગોળ હોસ્પિટલ માં ફુલ ટાઈમ જનરલ સર્જન મળશે
ઓપીડી સમય : સવારે ૧૦:૦૦ થી ૨:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૮:૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
❖ પેટના રોગો અને તેમના ઓપરેશન
❖ એપેન્ડીક્ષ, સારણગાંઠ, વધરાવળ મસા તથા ભખંદરના ઓપરેશન
❖ પિતાશયની પથરીના ઓપરેશન.
❖ સ્તનની ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશનના નિષ્ણાંત.
ડો.અક્ષય પારખીયા
M.S.(જનરલ સર્જન)
અનુભવ: ૩ વર્ષ સિવિલ હોસ્પિટલ અમદાવાદ
૧ વર્ષ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલા
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629
આયુષ્માન કાર્ડ અંતર્ગત ઓપરેશન તદ્દન મફત ઓપરેશન સુવિધા ઉપલબ્ધ

## ઘણા બધા આગેવાનો સમાજનાં નામે ચરી ખાવા આગળ આવી રહ્યા છે

# ચમારડીનાં ગોપાલભાઈ વસ્તરપરાનાં વેદનાપત્રએ ચકચાર જગાવી

**જયારે પોતાના ઉપર આફત આવે તો સમાજ અને સંસ્થાઓનાં નામે ચરી ખાવાની આદત કહેવાતા આગેવાનોને પડી ગઈ છે**

**અમુક આગેવાનોનાં સ્વાર્થનાં કારણે સમાજ અંદરો અંદર બાધી પડે છે**

**સમાજને આગળ કરીને ચરી ખાનારાને ઓળખીને તેમને સમાજની બહાર કરી દેવા જોઈએ**

**સરદારપ્રેમી ભામાશાનો વેદનાપત્ર વાયરલ થતાં સમગ્ર રાજયમાં ચકચાર મચી**

અમરેલી, તા. ૪

બાબરાનાં ચમારડીનાં વતની, લેઉવા પટેલ સમાજનાં અગ્રણી અને સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનો વેદનાપત્ર વાયરલ થતાં સમગ્ર રાજયમાં ચકચાર ઉભી થઈ છે.

તેઓએ વેદનાપત્રમાં જણાવેલ છે કે, એક શ્રેષ્ઠ સમાજને મેં હંમેશા સરદાર સાહેબની નજરે જોયો છે અને મેં હંમેશા એ વાત પર મનોમંથન કર્યુ છે કે સરદાર સાહેબે કહેલું એક એક વહેણ સમાજનાં નૈતિક ઉત્થાન માટે કેટલું મહત્વનું છે.

છેલ્લા કેટલાય સમયથી ઘણા બધા આગેવાનો, ઘણા બધા એવા તત્વો કે જે સમાજના નામે ચરી ખાવા માટે આગળ આવી રહ્યા છે તેનાથી સમાજ ત્રસ્ત થઈ રહ્યો છે.

આ લોકો સમાજને કંઈક સારૂ આપવાની ભાવનાથી નહીં પરંતુ પોતાનું સારૂ કઈ રીતે થાય એ રીતે હંમેશા સ્ટેજના દાદરા ચડતા હોય છે. સ્ટેજ ઉપરથી મોટી મોટી બડાઈઓ મારી સમાજમાં પોતાનું એક અલગ સ્થાન ઉભું કરવા મથતા આ લોકો જયારે સમાજને હકીકતમાં જરૂર પડે ત્યારે એક પણ વ્યકિત દેખાતો હોતો નથી.

જયારે પોતાની ઉપર કોઈ આફત આવી પડે જયારે પોતાનો કોઈ વ્યકિત સાથે સંઘર્ષ થાય ત્યારે સમાજ અને સંસ્થાઓના નામે ચરી ખાવાની આ લોકોને આદત પડી ગઈ છે. પોતે સમાજ માટે કંઈક કરી શકતા નથી આથી તેમને એટલું માન પણ મળતું નથી અને જયારે આવા લોકોની કોઈ સાથે અદાવત થાય ત્યારે પાછળ ઉભું રહેવા કોઈ તૈયાર ના હોય અને આવા સમયે આ લોકો સામાજિક સંસ્થાઓનો અને સમાજનો સહારો લેતા હોય છે. બાકી આવા લોકોને કયારેય સમાજના એક પણ વ્યકિતની પડી હોતી નથી.

અત્યારે એવા અનેક મુદાઓ છે કે જેના ઉપર આખા સમાજે ધ્યાન દોરવાની જરૂર છે. છતાં પણ આપણે અંદરોઅંદર બાધી મરીએ છીએ એનું જો કોઈ પણ કારણ હોય તો આવા અસામાજિક તત્વો છે કે જે સમાજ અને



સંસ્થાઓના નામે સમાજના જ લોકોને ગેરમાર્ગે દોરવાનું અને ભાગલા પડાવવાનું કામ કરી રહ્યા છે.

આપણે એ ભાવનાને ભૂલી ગયા છીએ આ સમાજ મારો છે, આ સમાજના લોકો મારા છે, આ સમાજની એક એક પરિસ્થિતિઓનો જવાબદાર હું છું એવું સ્વીકારવાની જગ્યાએ આ સંસ્થા મારી છે, આ સંસ્થાના લોકો મારા છે અને એની જવાબદારી પણ મારી છે. આવી બાબતોમાં સંકોડાઈ ગયા છીએ જે આવનારા સમયમાં સમાજ માટે ખૂબ જ ગંભીર છે. આ આપણે સૌએ સાથે મળીને સમજવાની જરૂર છે.

હું તો એવું માનું છું કે આવા જે પણ કોઈ અસામાજિક તત્વો છે જે સમાજ અને સંસ્થાઓના નામે ચરી ખાય છે એને સમાજ બહાર કરી દેવા જોઈએ. પોતાની ઉપર આવે ત્યારે આવા લોકોને સમાજ અને સમાજની સંસ્થાઓ યાદ આવે છે પણ જયારે કોઈ એવું કામ કરવા જઈ રહ્યા હોય જેનાથી માત્રને માત્ર પોતાને લાભ હોય ત્યારે આવા લોકોને સમાજ કે સમાજની સંસ્થાઓ યાદ આવતી નથી.

આવા સમાજના બેસી બનેલા આગેવાનો સ્ટેજ ઉપર ચડીને સમાજના યુવાનોને આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ તેવું મોટીવેશન આપતા આગેવાનો અને સમાજના નામે ચરી ખાતા અસામાજિક તત્વોથી ચેતીને રહેવું ખૂબ જ જરૂરી છે તો જ આ સમાજના નૈતિક ઉથાન માટે, યુવાનો માટે અને આવનારી પેઢી માટે આપણે કંઈક સારૂ કરી શકીશું તેમ અંતમાં જણાવેલ છે.

## ગ્રામ્ય વિસ્તાર સુધી દારૂનું દુષણ વધ્યું

# બાબરાનાં દરેડ ગામેથી બીયરની ૨૬ બોટલ સાથે ૨ ઈસમો ઝડપાયા

**પોલીસે રૂપિયા ૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૪

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના દરેડ ગામે નરશીભાઈ પરશોતમભાઈની વાડીએ રહેતા બહાદુરભાઈ મગનભાઈ ડામોર તથા ટેમરીયાભાઈ ભંગડીયાભાઈ કનેશ નામના બન્ને ઈસમો તા. ૩ રાત્રીના ૧૦ વાગ્યા દરમ્યાન દરેડ–ખાખરીયા ચોકડી પાસેથી ટીનની ૫૦૦ મી.લી.ની બીયર બોટલ નંગ–૨૬ કિંમત રૂપિયા ૩૩૮૦ તથા કાચની ૧૮૦ મી.લી.ની રીંગપેક બોટલ નંગ–૬૧ કિંમત રૂપિયા ૧૦,૩૭૦ તથા મોટર સાયકલ નં. જી.જે.–૦૩ બીએન– ૫૦૫૩ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૩૮,૭૫૦ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ બન્ને ઈસમો સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજુલા જાફરાબાદ કોંગ્રેસ સમિતિનાં નેતૃત્વમાં

# રાજુલામાં આજે ખેડૂતોને રાહત પેકેજ અને ઈકો ઝોન મુદ્દે કોંગી આગેવાનોનાં ધરણા

**જિલ્લા કોંગી પ્રમુખ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે**

રાજુલા, તા. ૪

રાજુલા જાફરાબાદ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ડી.કે.રૈયાણીની આગેવાની છે અમરેલી જિલ્લાના ખેડૂતોને જે રાહત પેકેજમાંથી બાદબાકી કરવામાં આવેલ છે તેમાં તાલુકે તાલુકે ધરણા કરવાનો કોંગ્રેસ પક્ષે કાર્યક્રમ નક્કી કરેલ તેમના ભાગરૂપી રાજુલા જાફરાબાદ તાલુકાના રાહત પેકેજમાંથી બાદબાકી કરેલ હોય અને રાજુલા વિધાનસભાના ખાંભા વિસ્તારના ગામડાઓમાં ઈકો જોન સરકાર લગાડવાની તૈયારીમાં હોય ત્યારે આ બાબતે ધારણા કરી વિરોધ પ્રદર્શન કરવાનો કાર્યક્રમ આગામી ગુરૂવારને તારીખ ૫/૧૨/૨૪ના રોજ સમય સવારના ૧૦ થી ૧ સ્થળ ડોકટર બાબા આંબેડકરની પ્રતિમા સામે રાજુલા જાફરાબાદ કોંગ્રેસ પક્ષ સમિતિ દ્વારા ધારણાનું આયોજન કરેલું હોય તો આ વિસ્તારના ખેડૂતો અને કોંગ્રેસના કાર્યકરો અને નાના વેપારીઓએ ઉપસ્થિત રહેવા રાજુલા શહેર કોંગ્રેસ પ્રમુખ રવિરાજભાઈ ધાખડાની યાદીમાં જણાવ્યું છે.

## ચેમ્બર ઓફ કોમર્સે ડીઆરએમને પત્ર પાઠવ્યો

# કુંકાવાવ મોટી :વેરાવળ–અમદાવાદ તેમજ પોરબંદર–અમદાવાદ ટ્રેન શરૂ કરવા માંગ

**જિલ્લાની જનતાનાં હિતમાં રેલ્વે સુવિધા વધારવા માંગ**

કુંકાવાવ મોટી, તા. ૪

કુંકાવાવ મોટી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભાવનગર રેલ્વેનાં ડીઆરએમને પત્ર પાઠવવામાં આવેલ છે.

આવેદન પત્રમાં જણાવેલ છે કે અગાઉ મીટરગેજ લાઈન હતી તે સમયે વેરાવળ અમદાવાદ તેમજ પોરબંદર અમદાવાદ ટ્રેન (સોમનાથ મેઈન તેમજ સુપર ફાસ્ટ ટ્રેન)ના નામે આ બંન્ને ટ્રેનો ખુબ જ વ્યવસ્થિત ચાલતી હતી અને પેસેન્જરો પણ પુરતા પ્રમાણમાં મુસાફરી સલામત રીતે, સગવડપૂર્ણ રીતે સંતોષથી કરી શકતા હતા.

પરંતુ જેતલસર ઢસા લાઈન બંધ કરી અને ગેઝ પરીવર્તન કરવાનું હોવાથી મીટરગેજ લાઈન બંધ કરવામાં આવેલ જેથી આ વિસ્તારની રેલ્વે સેવા સદંતર બંધ કરવામાં આવેલ હતી. ઘણા લાંબા સમયે ગેજપરીવર્તન થયા પછી પણ લાંબા સમયે ભાવનગર–વેરાવળ–ભાવનગર અને ભાવનગર–પોરબંદર–ભાવનગર આ ફકત બે ટ્રેનો નિયમીત ચાલે છે. આ સિવાય અન્ય કોઈ ટ્રેન દરરોજ ચાલતી નથી.

અમરેલી જિલ્લાની તમામ જનતાને ધંધા–રોજગાર માટે તેમજ ડાયમંડ ઉદ્યોગ અને અન્ય ધંધા રોજગાર માટે જિલ્લાની ૭૦ થી ૮૦ ટકા વસ્તી સુરત, અંકલેશ્વર, ભરૂચ, અમદાવાદ સ્થાયી થયેલ છે. જેથી સારા નરસા પ્રસંગો તેમજ સાતમ આઠમ, દિવાળીના તહેવાર, લગ્નપ્રસંગોના કારણે અવાર નવાર વતનમાં આવવાનું થતું હોય જેથી અમદાવાદ, સુરત, મુંબઈ આવવા જવા માટે ઉપર મુજબ માંગણી કરેલ

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

અમરેલી એક્સપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એક્સપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)